Monday, 27 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



પોતાની અંદરની સ્વચ્છતા પ્રથમ વસ્તુ છે. જેને શિખવવી જોઈએ. બાકી વાતો ત્યારબાદ થવી જોઈએ.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૩ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# ‘નમોત્સવ’ સંઘપ્રદેશ માટે બનેલું યાદગાર સંભારણું

## ‘નમોત્સવ’ કોઈ સાધારણ પ્રોગ્રામ નથી પરંતુ પ્રેરણા છેઃ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ













**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૬**

શુક્રવાર તા.૨૪મી એપ્રિલની સાંજે ૦૬:૦૦ વાગ્યે દમણના સ્વામી વિવેકાનંદ (કોલેજ) ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન અને દ્રષ્ટિકોણને સમર્પિત ભવ્ય સંગીતમય મલ્ટીમીડિયા પ્રસ્તુતિ, ‘નમોત્સવ’થી દર્શકો રોમાંચ સાથે આનંદિત અને મંત્રમુગ્ધ થઈ ગયા હતા. કાર્યક્રમના શુભારંભ પહેલાં સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે ‘નમોત્સવ’ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, ‘નમોત્સવ’ એ કોઈ સાધારણ પ્રોગ્રામ નથી પરંતુ પ્રેરણા છે, અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, સંઘર્ષ અને સેવાને લોકો સમક્ષ લાવવાનો એક અનોખો પ્રયાસ છે. પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અસાધારણ વ્યક્તિત્વ, રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણ અને રાજકીય ક્ષેત્રે લાંબા કાર્યકાળ વિશે લોકોને માહિતી આપી હતી. તેમણે ‘નમોત્સવ’ કાર્યક્રમાં ખાસ ઉપસ્થિત રહેલા શ્રી સાઈરામ દવેની પણ પ્રશંસા કરી હતી.

આ ‘નમોત્સવ’માં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, નેતૃત્વ અને સ્વપ્નદ્રષ્ટા, પ્રેરણાદાયી યાત્રાની ઉજવણી કરતી એક અવિસ્મરણીય ઘટના હતી. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોએ સમગ્ર કાર્યક્રમનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. ગૌરવ, સંસ્કૃતિ અને પ્રેરણાથી ભરપૂર આ ભવ્ય સંગીતમય મલ્ટીમીડિયા પ્રસ્તુતિએ વડાપ્રધાન શ્રી મોદીના પ્રેરણાદાયી વ્યક્તિત્વ અને તેમના વિશિષ્ટ નેતૃત્વને વંદન કર્યા હતા.

- (વધુ પાના નં.૨ પર)

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અસાધારણ વ્યક્તિત્વ, રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણ અને રાજકીય ક્ષેત્રે લાંબા કાર્યકાળ વિશે પ્રશાસક પ્રફુલભાઈ પટેલે લોકોને આપેલી માહિતી

### રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત

# સંઘપ્રદેશમાં ‘વિશ્વ મેલેરિયા દિવસ’નું કરાયેલું આયોજન











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના આરોગ્ય સચિવ શ્રી એ. ગોપી કૃષ્ણના નિર્દેશો અનુસાર અને મિશન ડિરેક્ટર (રાષ્ટ્રીય આરોગ્ય મિશન) શ્રી અમિત પમાસીના સંયુક્ત માર્ગદર્શન હેઠળ, ૨૫મી એપ્રિલ ૨૦૨૬ના શનિવારના રોજ રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ‘વિશ્વ મેલેરિયા દિવસ’નું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામના રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્ણેકરે અહેવાલ આપ્યો હતો કે પ્રદેશમાં મેલેરિયાના કેસ એક અંકમાં ઘટી ગયા છે.

- (વધુ પાના નં.૨ પર)

# ‘નમોત્સવ’ના કાર્યક્રમે દાનહ અને દમણ-દીવમાં એક અભૂતપૂર્વ સકારાત્મકતા અને મજબૂત સંકલ્પથી મળતી સિદ્ધિના વાતાવરણને જીવંત કર્યું

## નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીનો ‘નમોત્સવ’માં આપેલા પરિચયે દાનહ અને દમણ-દીવના થયેલા ઐતિહાસિક વિકાસે પણ વધુ સાર્થક બનાવ્યો




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ નિર્ધાર અને પરિશ્રમી મનોબળને નિહાળવાનો અને અનેક સંવેદનશીલ પ્રસંગોથી રૂબરૂ થવાનો અવસર દાદરા નગર હવેલી અને દમણ-દીવની જનતાને ‘નમોત્સવ’ના માધ્યમથી મળી શક્યો છે. પ્રદેશના લાખો તરૂણો, કિશોરો અને યુવાનોને ‘નમોત્સવ’ના કાર્યક્રમથી વડનગરના બાળકની વર્લ્ડ સુધીની ખ્યાતિ પાછળ રહેલી લગન સંઘર્ષ અને સંવેદનાને ખુબ જ રોચક રીતે જાણવાની પણ તક મળી છે.

પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૧૪માં થયેલા આગમન બાદ દાદરા નગર હવેલી અને દમણ-દીવના થયેલા ઐતિહાસિક વિકાસ પાછળ તેમની દૂરંદેશીના પરિચયને નમોત્સવે વધુ દૃઢ બનાવ્યો છે. કારણ કે, શાળામાં ભોજન ચોરતા એક બાળકને તેમની ભૂખ ઠારવા કરેલા પ્રયોગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સિદ્ધિના મંત્રને બાળપણમાં જ આત્મસાત કર્યા હોવાનું પ્રતિત થાય છે.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ‘નમોત્સવ’ કોઈ સાધારણ પ્રોગ્રામ નથી, પરંતુ પ્રેરણા છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના જીવનમાં ક્યારેય પણ ‘હિડન’ એજન્ડા રાખ્યો નથી અને તેમણે મારો દેશ અને મારી માતૃભૂમિને જ હંમેશા સર્વોપરી ગણી છે. તેની ઝલક દાદરા નગર હવેલી અને દમણ-દીવ જેવા વર્ષોથી ઉપેક્ષિત રહેલા ટચૂકડા પ્રદેશની થયેલી કાયાપલટથી પણ જોઈ શકાય છે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ‘નમોત્સવ’ના કાર્યક્રમે એક અભૂતપૂર્વ સકારાત્મકતા અને મજબૂત સંકલ્પથી મળતી સિદ્ધિના વાતાવરણને જીવંત કર્યું છે. આ પ્રકારના આયોજનથી પ્રદેશની યુવા પેઢીને પણ દેશના શિર્ષ નેતૃત્વ દ્વારા કરાતા પરિશ્રમનો પરિચય મળે છે.

આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવની વાત કરવામાં આવે તો છેલ્લા ૧૦-૧૨ વર્ષ પહેલાં સ્થિતિ શું હતી અને આજે પ્રદેશે ક્યાં છલાંગ મારી છે તેનું દૃષ્ટાંત દરેક પાસે છે. પ્રદેશના વિકાસ પાછળ પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનો કઠોર પરિશ્રમ અને સંઘપ્રદેશ પ્રશાસને એક ટીમ બની શ્રેષ્ઠ સર્વાંગી વિકાસના નિર્માણ માટે રાખેલા દૃઢ મનોબળ અને સંકલ્પનું પરિણામ છે.

## સોમવારનું સત્ય

**‘નમોત્સવ’માં જે રીતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ સ્થળ વડનગરનો મહિમા બતાવવામાં આવ્યો છે તે રીતે સંઘપ્રદેશના દાદરા નગર હવેલી, દમણ, દીવ અને સેલવાસની ૧૯૫૪-૧૯૬૧થી ૨૦૧૪ સુધીની સ્થિતિ અને ત્યારપછી ૨૦૧૪-૨૦૧૬થી અત્યાર સુધી થયેલા સામાજિક, આર્થિક, ભૌગોલિક, રાજકીય, શૈક્ષણિક, આરોગ્ય, માળખાગત, પ્રવાસન સહિતના વિકાસને નાટ્યાત્મક રીતે રજૂ કરવાનો પ્રયોગ પણ કરવો જોઈએ. જેથી પ્રદેશ સહિત દેશના લોકોને પણ પ્રેરણા મળે કે ‘અડગ મનના માનવીને પહાડ પણ નડતો નથી..’**




## સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસ રાખો, હાર તમારી હિંમત ન તોડી શકે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### તમે અમારાં ગુરુ

તમે અમારાં ગુરુ મીરાં!
તમે અમારાં ગુરુ
રોજ હવે તો હરિરસ ભાવે, ઘર લાગે છે તૂરું
મીરાં! તમે અમારાં ગુરુ.

અમે તમારા શબ્દોની આંગળિયું પકડી ચાલ્યા,
અમે તમારા ભાવભુવનમાં ગગન ભરીને મ્હાલ્યા
તમે બતાવ્યું નામ, ઠામ ઠેકાણું પૂરેપૂરું.
મીરાં! તમે અમારાં ગુરુ.

તમે કંઠમાં કેદ કર્યાં'તાં મોરપિચ્છ ને વેણુ
અમે તમારી કંઠી બાંધી, ઘટનું એ જ ઘરેણું
શ્વાસ હવે તો શામળિયો ત્યાં કોણ કરે કંઈ બૂરું!
મીરાં! તમે અમારાં ગુરુ.

ગુરુ અમોને માંડ મળ્યાં છે ઘટમાં ઘાયલ ઘેલાં
રાત દિવસ બસ રાતામાતા એ જ ચીલામાં ચેલા
બાઈ મીરાંને લખવાનું કે તમે ઝૂર્યાં એમ ઝૂરું.
મીરાં! તમે અમારા ગુરુ.

- નટરાજ બ્રહ્મભટ્ટ

## આજની જોક

પતિ અને પત્ની મેઈન રૂમમાં સોફા પર બેસીને ટીવી જોતા જોતા, તરબૂચ ખાતાતા
પત્નીનો મોબાઈલ, રસોડામાં ચાર્જ થતો'તો એવામાં પત્નીના મોબાઈલ પર એસએમએસ આવ્યો.
દોડીને એસએમએસ જોયો તો એસએમએસ પતિનો જ હતો... લખ્યું હતુ કે રસોડામાંથી પાછા આવતી વખતે, તરબૂચમાં છાટવા માટે મીઠાની ડબલી લેતી આવજે.

## કબીર વાણી

**હરિ મરિ હે, તો હમ હું મરિ હું,**
**હરિ ન મરિ હે, તો હમ કાહે મરિ હું?**

**- અર્થાત-**

જો ઈશ્વર મરતો હોય તો પછી હું (કબીર) પણ મરવાનો, પણ જો ઈશ્વરને મરણ જેવું હોયજ નહિ યાને તેને નાશ નથી, તો પછી હું કેમ મરૂં યાને મારો નાશ કેમ થાય? અર્થાત પરમેશ્વર હંમેશગીનો છે, અને માણસનો આત્મા તેનો ભાગ છે, ત્યારે તે પણ અમર હોવાથી તેને મરણ જેવું કશું નથી.

## આજનો દિન વિશેષ

### ગાયત્રી ગોવિંદરાજ

ગાયત્રી ગોવિંદરાજ (જન્મ ૨૭ એપ્રિલ ૧૯૯૧) એક ભારતીય ખેલાડી છે જે ૧૦૦ મીટર હર્ડલ્સ અને ટ્રિપલ જમ્પ ઈવેન્ટ્સમાં ભાગ લે છે. તેમને ઓલિમ્પિક ગોલ્ડ ક્વેસ્ટ દ્વારા ટેકો મળ્યો હતો, જે એક બિન-લાભકારી સંસ્થા છે જે ભારતીય ખેલાડીઓને ઓળખે છે અને તેમનું સમર્થન કરે છે. તે ભારતીય આવકવેરા વિભાગ સા



તેમની સાથે મારપીટ કરી હતી પરિસરમાં દરોડા પાડતી વખતે પાછળથી તેમને ઈજાઓ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેણીને ''ભારતીય ઉસૈન બોલ્ટ'' તરીકે પ્રખ્યાત કહેવામાં આવે છે.

વિવિધ આંતર કોલેજ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લીધા પછી, તેણીએ રાયચુરમાં ૧૮મી ઝોન જુનિયર આંતર-રાજ્ય એથ્લેટિક ચેમ્પિયનશિપ (૨૦૦૬) દ્વારા ખ્યાતિ મેળવી. તેણીએ આમાં અંડર-૧૬ ૧૦૦ મીટર હર્ડલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ ૨૦૧૬માં અંડર-૧૮ શ્રેણીમાં પૂનમ બેલિયાપ્પાનો ૧૪.૪૦ સેકન્ડનો ૧૧ વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડ્યો. આ પછી ૨૦૦૮માં તેણીએ વધુ ૧૪.૦૪ સેકન્ડનો સમય કાઢ્યો અને મૈસુરમાં તેણીએ પોતાનો જ રેકોર્ડ ૦.૦૨ સેકન્ડથી તોડ્યો.

નવી દિલ્હીમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૦ની ટ્રિપલ જમ્પ ઈવેન્ટ દરમિયાન તેણીના ડાબા ઘૂંટણમાં ઈજા થઈ હતી. તેણીના ડાબા પગનું ઓપરેશન થયા પછી, તેણીએ ધ હિન્દુ સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તે ફરી એકવાર રમતગમતનો ભાગ બનવા માટે સખત પ્રેક્ટિસ કરી રહી છે.

## આધ્યાત્મ

### હિંદુ ધર્મમાં આધ્યાત્મિકતાના ચાર માર્ગો : હિન્દુ ધર્મ, જ્ઞાન માર્ગ, ભક્તિ માર્ગ, રાજ માર્ગ

હિંદુ ધર્મમાં આધ્યાત્મિકતાના ચાર માર્ગોમાંથી ત્રણ પરંપરાગત રીતે, હિન્દુ ધર્મ આધ્યાત્મિક અભ્યાસના ત્રણ માર્ગો (માર્ગો) ઓળખે છે એટલે કે, જ્ઞાન (જ્ઞાનનો માર્ગ); ભક્તિ (શરણાગતિનો માર્ગ); અને કર્મ યોગ (નિઃસ્વાર્થ કાર્યનો માર્ગ). ૧૯મી સદીમાં, વિવેકાનંદે, હિન્દુ ધર્મના તેમના નવ-વેદાંત સંશ્લેષણમાં, રાજ યોગ, ચિંતન અને ધ્યાનનો માર્ગ, ચોથા માર્ગ તરીકે ઉમેર્યો અને તે બધાને 'યોગ' કહ્યા. જ્ઞાન માર્ગ એ એક માર્ગ છે જેમાં ઘણીવાર આધ્યાત્મિક અભ્યાસમાં ગુરુ (શિક્ષક)નું માર્ગદર્શન શામેલ હોય છે. ભક્તિ માર્ગ એ દેવતા અથવા દેવતાઓ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિનો માર્ગ છે; આ આધ્યાત્મિક પ્રથામાં ઘણીવાર મૂર્તિઓ, એક અથવા વધુ દેવતાઓની છબીઓ, અથવા ધર્મનિષ્ઠાના ભક્તિ પ્રતીકો સમક્ષ કીર્તન, જપ, ગાન અને સંગીતનો સમાવેશ થાય છે. કર્મ માર્ગ એ ક્રિયાનો માર્ગ છે, જ્યાં ખંતપૂર્વક વ્યવહારુ કાર્ય અથવા વર્ત પોતે જ એક આધ્યાત્મિક પ્રથા બની જાય છે, અને દૈનિક જીવનમાં કરવામાં આવતું કાર્ય ભૌતિક લાભો માટે નહીં પરંતુ આધ્યાત્મિક મુક્તિ માટે કરવામાં આવે છે. રાજ માર્ગ એ આવશ્યક ગુણો, સ્વ-શિસ્ત, તપસ્યા (ધ્યાન), ચિંતન અને આત્મ-ચિંતન વિકસાવવાનો માર્ગ છે, જે ક્યારેક વિશ્વ અને એકાંતનો ત્યાગ કરીને સમાધિ નામની સર્વોચ્ચ સ્થિતિ સુધી પહોંચે છે. સમાધિની આ સ્થિતિની તુલના શિખર અનુભવ સાથે કરવામાં આવી છે.

### વડાપ્રધાન મોદીએ વસ્તી ગણતરી અંગે વાત કરતા કહ્યું

# હાલમાં દેશમાં એક મોટું અને મહત્વપૂર્ણ અભિયાન ચાલી રહ્યું છે

**હવે બધી માહિતી ડિજિટલ માધ્યમથી સીધી રેકોર્ડ થશે, જેના કારણે પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં દેશમાં ચાલી રહેલા વસ્તી ગણતરી અભિયાન વિશે મહત્વની જાણકારી આપી છે. આ ઉપરાંત તેમણે પવન ઊર્જા અને પરમાણુ ઊર્જા અંગે પણ અત્યંત મહત્વની વાત કહી છે. આ એપિસોડમાં તેમણે દેશની વૈજ્ઞાનિક શક્તિ પર ભારપૂર્વક સંદેશ આપ્યો છે.

વડાપ્રધાન મોદીએ વસ્તી ગણતરી અંગે વાત કરતા કહ્યું કે, હાલમાં દેશમાં એક મોટું અને મહત્વપૂર્ણ અભિયાન ચાલી રહ્યું છે, જેના વિશે દરેક નાગરિકને જાણવું જરૂરી છે. આ વસ્તી ગણતરી અભિયાન છે, આ વખતે વસ્તી ગણતરી ૨૦૨૭ને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવામાં આવી છે. હવે બધી માહિતી ડિજિટલ માધ્યમથી સીધી રેકોર્ડ થશે, જેના કારણે પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. આ ઉપરાંત,, હવે લોકો પોતે પણ વસ્તી ગણતરીની માહિતી ઓનલાઈન ભરી શકે છે.

વડાપ્રધાન મોદીએ આ મુદ્દે આગળ કહ્યું કે, હવે નાગરિકો પોતે પણ પોતાની માહિતી ભરી શકશે. આ સુવિધા વસ્તી ગણતરી કરતા કર્મચારીઓ ઘરે આવે તે પહેલાં લગભગ ૧૫ દિવસ પહેલા શરૂ કરવામાં આવશે, જેથી લોકો પોતાની સુવિધા મુજબ સમય પસંદ કરી પોતે જ માહિતી આપી શકે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે ફોર્મ ભર્યા પછી નાગરિકોને એક ખાસ ID આપવામાં આવશે, જે તેમના મોબાઈલ અથવા ઈમેલ પર મોકલવામાં આવશે. પછી જ્યારે કર્મચારી ઘરે આવે, ત્યારે આ ID દ્વારા માહિતીનું વેરિફિકેશન થઈ શકશે. આ વ્યવસ્થાને કારણે દેશની વસ્તી ગણતરી પ્રક્રિયા



વધુ સરળ, ઝડપી અને વિશ્વસનીય બનશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે જે રાજ્યોમાં લોકો પોતે પોતાની માહિતી ભરી ચૂક્યા છે, ત્યાં હવે વસ્તી ગણતરીના કર્મચારીઓ ઘરે-ઘરે જઈને યાદી બનાવવાનું કામ શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં

લગભગ ૧.૨ કરોડ પરિવારોનું આ કામ પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત તેમણે ખાતરી આપી છે કે, લોકો જે માહિતી આપશે, તે સંપૂર્ણપણે સુરક્ષિત અને ગુપ્ત રહેશે. આ માહિતી મજબૂત ડિજિટલ સુરક્ષા વ્યવસ્થા હેઠળ સુરક્ષિત રાખવામાં આવશે, જેથી કોઈ પણ પ્રકારની માહિતી લીક ન થાય.પીએમ મોદીએ એક વધુ મહત્વની વાત જણાવતા કહ્યું કે, આજે તેઓ એવી શક્તિ વિશે વાત કરવા માંગે છે, જે દેખાતી નથી, પણ જેના વિના જીવન એક ક્ષણ પણ શક્ય નથી. આ શક્તિ છે પવન ઊર્જા.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે ભારતે આ ક્ષેત્રમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે. હવે દેશની પવન ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૫૬ ગીગાવોટથી વધુ થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીના જણાવ્યા મુજબ, આ સિદ્ધિ સાથે ભારત દુનિયામાં પવન ઊર્જા ક્ષમતા મામલે ચોથા ક્રમે પહોંચી ગયું છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે થોડા દિવસ પહેલા દેશના પરમાણુ વૈજ્ઞાનિકોએ મહત્વપૂર્ણ સફળતા મેળવી છે, જેના કારણે સમગ્ર દેશને ગૌરવ અનુભવાયો છે. તમિલનાડુના કલપક્કમમાં આવેલા ફાસ્ટ બ્રીડર રિએક્ટરે ક્રિટિકલિટી હાંસલ કરી છે. પીએમ મોદીએ સમજાવ્યું કે તેનો અર્થ એ છે કે હવે આ રિએક્ટરના ઓપરેશનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તેમણે આને ભારતના પરમાણુ ઊર્જા સફરમાં ઐતિહાસિક માઈલસ્ટોન ગણાવ્યો. તેમણે એ પણ કહ્યું કે આ રિએક્ટર સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજીથી બનાવાયું છે, એટલે તેમાં કોઈ વિદેશી ટેક્નોલોજીનો ઉપયોગ થયો નથી. વડાપ્રધાન મોદીએ આને ભારતની વૈજ્ઞાનિક શક્તિ અને આત્મનિર્ભરતાની મોટી સફળતા ગણાવી છે.

# અમદાવાદમાં ગૃહમંત્રી અમિત શાહે પરિવાર સાથે કર્યું મતદાન

**પુત્ર જય શાહે પણ વોટિંગમાં લીધો ભાગઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ વિસ્તારમાં પરિવાર સાથે મતદાન કર્યું હતું**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૨૬**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને આજે રાજ્યભરમાં લોકશાહીના પર્વનો ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. વિવિધ શહેરો અને ગામોમાં મતદાતાઓ ઉત્સાહપૂર્વક મતદાન કરવા પહોંચી રહ્યા છે અને લોકશાહી પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પરિવાર સાથે અમદાવાદના નારણપુરા વોર્ડમાં મતદાન કર્યુ છે. અમિત શાહ સાથે તેમના પત્ની અને પુત્ર અને આઈસીસી ચેરમેન જય શાહે પણ મતદાન કર્યુ છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શીલજ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના મતદાન મથકે પહોંચી પોતાનો મતાધિકાર ઉપયોગ કર્યો હતો. સામાન્ય નાગરિકોની વચ્ચે રહીને મતદાન કરતા તેમણે લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી અને લોકોને પણ વધુમાં





વધુ મતદાન કરવા પ્રેરિત કર્યા.

આ તરફ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ વિસ્તારમાં પરિવાર સાથે મતદાન કર્યું હતું. મતદાન બાદ તેમણે વિકાસને આગળ વધારવા માટે મતદાન મહત્વપૂર્ણ હોવાનું જણાવી લોકોને સક્રિય ભાગ લેવા અપીલ કરી.

રાજ્યભરમાં આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન યોજાઈ રહ્યું છે. સાથે જ કેટલીક નગરપાલિકાઓની પેટાચૂંટણીઓ પણ ચાલી રહી છે. કુલ મળીને હજારો બેઠકો માટે હજારો ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે, જેના કારણે ચૂંટણીનો માહોલ ગરમાયો છે.

ચૂંટણી પહેલાંના પ્રચાર દરમિયાન કેટલાક વિસ્તારોમાં રાજકીય ગરમાવો અને વિરોધ પણ નોંધાયો હતો, જ્યારે ઘણી બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. કેટલીક નગરપાલિકાઓમાં તો ચૂંટણી પહેલાં જ જીત નક્કી થઈ ગઈ હતી. હાલના મતદાન દરમિયાન ગરમીનો પારો ઊંચો રહેવાની શક્યતા હોવા છતાં મતદાતાઓમાં ઉત્સાહ ઘટાડો જોવા મળતો નથી.

**રાજાશાહી સમયથી મતદાન કરતા ૧૧૦ વર્ષના વૃદ્ધ**

# લારીમાં મતદાન કરવા આવ્યા ૧૧૦ વર્ષના દાદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અરવલ્લી, તા.૨૬**

અરવલ્લીના સાઠંબામાં લોકશાહી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા જોવા મળી હતી. અહીં ૧૧૦ વર્ષના વૃદ્ધાને તેમના પુત્ર લારીમાં બેસાડીને મતદાન કેન્દ્ર સુધી લાવ્યા હતા. વૃદ્ધાની હાલત જોઈ ફરજ પરના પોલીસકર્મીઓએ માનવતા દાખવી તેમને ઊંચકીને મતદાન મથક સુધી પહોંચાડ્યા હતા, જ્યાં તેમણે મતાધિકારનો ઉપયોગ કરી સૌને જાગૃતિનો સંદેશ આપ્યો હતો.



અરવલ્લીના સાઠંબામાં લોકશાહી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા જોવા મળી હતી. અહીં ૧૧૦ વર્ષના વૃદ્ધાને તેમના પુત્ર લારીમાં બેસાડીને મતદાન કેન્દ્ર સુધી લાવ્યા હતા. વૃદ્ધાની હાલત જોઈ ફરજ પરના પોલીસકર્મીઓએ માનવતા દાખવી તેમને ઊંચકીને મતદાન મથક સુધી પહોંચાડ્યા હતા, જ્યાં તેમણે મતાધિકારનો ઉપયોગ કરી સૌને જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

પાટણના સમી તાલુકાના દાઉદપુર ગામમાં ૧૦૮ વર્ષના વૃદ્ધ અણદા ખેંગાર નાડોદાએ મતદાન કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. દાઉદપુર પ્રાથમિક શાળા ખાતે તેમણે મતદાન કર્યું હતું. વધતી ઉંમર અને શારીરિક મર્યાદાઓ હોવા છતાં લોકશાહી પ્રત્યેનો તેમનો આ જાગૃત અભિગમ ગ્રામજનો અને યુવા મતદારોમાં ભારે આકર્ષણ અને પ્રેરણાનું કેન્દ્ર બન્યો હતો.

પંચમહાલ જિલ્લામાં સૌથી વયસ્ક મતદારે પોતાની ફરજ નિભાવી હતી. કાલોલ તાલુકાના કાતોલ ગામે ૧૧૨ વર્ષના વૃદ્ધાએ પોતાના પરિવાર સાથે મતદાન મથકે પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પરિવારના ટેકા સાથે મતદાન કરવા આવેલા આ માજીએ સાબિત કર્યું કે લોકશાહીના પર્વમાં ઉંમર ક્યારેય બાધક બની શકતી નથી.

જૂનાગઢના બીલખામાં ૧૧૦ વર્ષના વૃદ્ધે મતદાન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રસપ્રદ વાત એ છે કે આ વૃદ્ધ રાજાશાહી સમયથી અવિરત મતદાન કરતા આવ્યા છે.

તેમની સાથે માખીયાળામાં એક દિવ્યાંગ મતદારે વ્હીલચેરમાં આવીને મતદાન કર્યું હતું. કાળઝાળ ગરમી હોવા છતાં આ વડીલો અને દિવ્યાંગોમાં લોકશાહીનો ઉત્સાહ જળવાઈ રહ્યો હતો. ૬ કલાકના મતદાન બાદ જિલ્લા-તાલુકા પંચાયતમાં ૪૦.૧%, નગરપાલિકામાં ૪૧.૧% અને મહાનગરપાલિકામાં ૨૯.૧% મતદાન નોંધાયું હતું. ૪૪ ડિગ્રી તાપમાનને કારણે બપોરે ઈફસ પણ ગરમ થઈ ગયા હતા અને મતદાનની ગતિ ધીમી પડી હતી. ગરમીના પ્રકોપે મતદારોને ઘરની બહાર નીકળતા અટકાવ્યા હતા, જેના કારણે મધ્યાહને અનેક કેન્દ્રો સૂમસામ દેખાયા હતા.

# હવે સરકારી બેંકોમાં દર વર્ષે પગાર વધારો મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

કેન્દ્ર સરકારે પબ્લિક સેક્ટરની બેંકો (PSB)ના કર્મચારીઓ અને અધિકારીઓના પગારમાં દર વર્ષે વધારો કરવા માટે બેન્કિંગ સેક્ટરમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે ૧૩માં દ્વિપક્ષીય વેતન સમજૂતી કરવા માટે વાતચીતની પ્રક્રિયા સમયસર શરૂ કરવા અને તેના પર ૧૨ મહિનામાં અંતિમ નિર્ણય લેવા આદેશ આપ્યો છે. આ પગાર વધારો પહેલી નવેમ્બર-૨૦૨૭થી લાગુ ગણવામાં આવશે. જાહેર ક્ષેત્રની બેંકો અને વીમા કંપનીઓ સહિત નાણાંકીય સંસ્થાઓ દર પાંચ વર્ષે પગાર વધારો કરવામાં આવે છે. આવી જ રીતે ભારતીય બેંક સંઘ (IBA) કર્મચારી યુનિયન અને સંઘો સાથે વાતચીત કરીને પગાર વધારા માટે સમજૂતી કરે છે. નાણાં મંત્રાલયના વિત્તીય સેવા વિભાગે સરકારી બેંકોના વડાઓને ૨૦ એપ્રિલે પત્ર લખીને નિર્દેશ આપ્યો છે કે, તમામ બેંકો ૧૨ મહિનાની અંદર વાતચીત કરીને પગારમાં ફેરફાર માટે પગલા ભરે. અગાઉની સમજૂતીમાં વિભાગે આઈબીએને કહ્યું હતુ કે, પગાર વધારો સમયસર લાગુ કરી શકાય તે માટે ભવિષ્યમાં પગાર વધારા માટેની વાતચીત નિર્ધારિત સમયગાળા પહેલા પૂરી કરવામાં આવે. પત્રમાં એવું પણ કહેવાયું છે કે, અગાઉ સમજૂતી કર્યા બાદ નિયમોમાં ફેરફાર કરવામાં આવતા ઘણી સમસ્યા થઈ હતી. તેથી આ વખતે નિયમોમાં ફેરફાર અગાઉ પગાર વધારવા માટે નિર્ધારીત કરાયેલી તારીખ પહેલા પુરા કરવાનું સુનિશ્ચિત કરવામાં આવે.

જાહેર ક્ષેત્રની બેંકોએ નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રેકોર્ડ નફો કર્યો છે, તેથી ૨૦૨૬માં પણ નફો વધવાની આશા રાખવામાં આવી છે. તમામ સરકારી બેંકોએ નાણાંકીય વર્ષ ૨૦૨૨માં ૧ લાખ કરોડ રૂપિયા, ૨૦૨૩માં ૧.૦૫ લાખ કરોડ રૂપિયા, ૨૦૨૪માં ૧.૪૧ લાખ કરોડ રૂપિયા અને ૨૦૨૫માં ૧.૭૮ લાખ કરોડ રૂપિયાનો નફો કર્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશમાં 'વિશ્વ મેલેરિયા દિવસ'...**

આ વર્ષની થીમ - 'મેલેરિયા નાબૂદી તરફ આગળ વધવું - હવે આપણે કરી શકીએ છીએ, હવે આપણે જોઈએ' - ને અનુરૂપ, આ દિવસે દાદરા નગર હવેલી અને દમણ-દીવના તમામ વિસ્તારોમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં (૧)મેલેરિયા નાબૂદી વિષય પર રેડિયો વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. (૨)ગ્રામ્ય સ્તરે તબીબી અધિકારીઓ, સમુદાય આરોગ્ય અધિકારીઓ, ANM કાર્યકરો અને આશા કાર્યકરો દ્વારા મેલેરિયા નિવારણ અંગે જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. (૩)ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સમુદાયની ભાગીદારીથી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. (૪)રાષ્ટ્રીય સેવા યોજના (NSS) સ્વયંસેવકોના સહયોગથી સેલવાસ બ્રિજ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. (૫)શાળા અને કોલેજ સ્તરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ અને વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. (૬)વિભાગ દ્વારા ગ્રામ્ય સ્તરે જાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. (૭)ઔદ્યોગિક વિસ્તારો અને 'ચાલ'(રહેણાંક વસાહતો)માં જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી, જેમાં સ્થળાંતરિત વસ્તીને સામેલ કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. (૮)ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમાં લાર્વા સર્વે અને ઘરની અંદરના અવશેષ છંટકાવ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી અને (૯)સુપરવાઈઝર, સલાહકાર સ્ટાફ અને મેલેરિયા કાર્યકરોએ બસ સ્ટેન્ડ, આંતરછેદો અને બજાર વિસ્તારોમાં મેલેરિયા નાબૂદી માટે 'ઈન્ટિગ્રેટેડ વેક્ટર કંટ્રોલ'માં વપરાતા સાધનોનું પ્રદર્શન કર્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**'નમોત્સવ' સંઘપ્રદેશ માટે...**

નમોત્સવમાં કલા, સંગીત, ટેક્નોલોજી અને વાર્તાઓ થકી સેવા, દૃઢ નિશ્ચય અને રાષ્ટ્રનિર્માણની અસાધારણ સફર દર્શાવી હતી. નમોત્સવમાં ભવ્ય સ્ટેજ પ્રસ્તુતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી જીવનનું કલાત્મક રીતે ચિત્રણ કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના વડનગરમાં તેમની નમ્ર શરૂઆતથી લઈને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને પછી ભારતના વડાપ્રધાન તરીકે તેમના પરિવર્તનશીલ નેતૃત્વ સુધીનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં, જીવંત પ્રદર્શન, સંગીત, નૃત્ય, વાર્તા અને અત્યાધુનિક મલ્ટીમીડિયા વિઝ્યુઅલ્સના સુમેળભર્યા મિશ્રણ દ્વારા, શ્રી મોદીની વ્યક્તિગત યાત્રા તેમજ દેશના વિકાસના માર્ગને આકાર આપનારા મુખ્ય સીમાચિહ્નો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ કલાકારો દ્વારા કરવામાં આવેલ મનમોહક જીવંત પ્રદર્શન હતું. ગ્રાઉન્ડબ્રેકિંગ વિઝ્યુઅલ્સે સંસ્કૃતિ, સંગીત અને સંદેશના સુમેળભર્યા મિશ્રણનો જીવંત નજારો રજૂ કર્યો હતો, જેનાથી દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા. સ્ટેજ પ્રેઝન્ટેશનમાં પ્રખ્યાત ગુજરાતી કલાકાર શ્રી સાઈરામ દવે અને ૧૫૦થી વધુ અન્ય કલાકારો હતા, જેમના શક્તિશાળી પ્રદર્શને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન અને નેતૃત્વ યાત્રામાં મુખ્ય ક્ષણોને જીવંત બનાવી હતી. ખુબ જ સુંદર રીતે રજૂ કરાયેલી પ્રસ્તુતિઓમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન શરૂ કરાયેલા સીમાચિહ્નરૂપ વિકાસ પહેલોનું વર્ણન કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે વિકાસ અને સુશાસનનું ગુજરાત મોડેલ પાછળથી રાષ્ટ્રીય પ્રગતિ માટે એક મોડેલ કેવી રીતે બન્યું.

આ કાર્યક્રમમાં પારદર્શિતા, જવાબદારી અને જનભાગીદારી સાથે વિકાસના ફિલસૂફી પર ભાર મૂકતા, માળખાગત પરિવર્તન, શાસન સુધારા, સામાજિક સશક્તિકરણ અને સમાવિષ્ટ વિકાસમાં નોંધપાત્ર સિદ્ધિઓ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતમાં નાખવામાં આવેલા સુશાસનના પાયાએ રાષ્ટ્રીય સ્તરે નીતિઓ અને શાસન માળખાને આકાર આપવામાં કેવી રીતે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે તેની ઝાંખી દર્શાવવામાં આવી હતી. 'નમોત્સવ' કાર્યક્રમ એ એક શક્તિશાળી ઉદાહરણ તરીકે સેવા આપી હતી કે સાંસ્કૃતિક મૂલ્યો, નેતૃત્વ અને સામાજિક પરિવર્તનના સંદેશાવ્યવહાર માટે કેવી રીતે એક શક્તિશાળી માધ્યમ બની શકે છે. પરંપરાગત કલાત્મક સ્વરૂપોને આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને, કાર્યક્રમ વિવિધ પેઢીઓ અને પૃષ્ઠભૂમિના પ્રેક્ષકોને સફળતાપૂર્વક આકર્ષિત કરે છે.

સમગ્ર પ્રદર્શન દરમિયાન, દર્શકો સમકાલીન સ્થિતિસ્થાપકતા, નવીનતા અને જાહેર સેવાની ભાવના દર્શાવતી ક્ષણોથી મોહિત થયા હતા. પ્રસ્તુતિમાં નમ્રતા, સમર્પણ અને સામૂહિક પ્રયાસના વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે આ વિચારને મજબૂત બનાવે છે કે પરિવર્તનશીલ નેતૃત્વ લોકો-કેન્દ્રિત શાસનમાં ઊંડે સુધી જડેલું છે. આયોજકોએ ખાતરી કરી હતી કે કાર્યક્રમ સામાન્ય લોકો માટે સુલભ અને અર્થપૂર્ણ હોય, જ્યારે ઉચ્ચ કલાત્મક ધોરણો જાળવી રાખવામાં આવે. શાનદાર નૃત્ય નિર્દેશન, ભાવનાત્મક સંગીત, આકર્ષક કથા અને મનમોહક દ્રશ્યોએ કાયમી, આકર્ષક અસર ઉભી કરી. 'નમોત્સવ' માત્ર એક સામાન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નહોતો, પરંતુ એક શક્તિશાળી કાર્યક્રમ હતો જેણે ભારતની લોકશાહી યાત્રા, વિકાસલક્ષી આકાંક્ષાઓ અને સાંસ્કૃતિક સમૃદ્ધિની ઉજવણી કરી હતી.

કાર્યક્રમમાં ઈતિહાસને આકાર આપવામાં નેતૃત્વની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને આગામી પેઢીઓને પ્રેરણા આપતી કથાત્મક પ્રદર્શન કલા દ્વારા સર્જનાત્મક અભિવ્યક્તિની શક્તિને ફરીથી સ્થાપિત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ડ્રોન શો અને ફટાકડાએ ઉત્સાહમાં વધારો કર્યો હતો. આકાશમાં ડ્રોન દ્વારા પ્રદર્શિત કરાયેલા અદ્‌ભુત દશ્યો અને રંગબેરંગી ફટાકડાએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં દમણ જિલ્લા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખો, સભ્યો-કાઉન્સિલર, સરપંચો, રાજકીય નેતાઓ, સામાજિક નેતાઓ, ઉદ્યોગપતિઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી

# નવસારીમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે કર્યું મતદાન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ચીખલી(વંકાલ), તા.૨૬:** સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત યોજાયેલા મતદાન મહાપર્વમાં મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી મંગુભાઈ પટેલે આજે નવસારી મહાનગરપાલિકા વિસ્તારની કોન્વેન્ટ શાળાના મતદાન મથક ખાતે પરિવાર સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ મતદાન બાદ નવસારી જિલ્લાના નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, લોકશાહીને વધુ મજબૂત બનાવવા દરેક મતદારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે ખાસ કરીને યુવા મતદારો તથા પ્રથમવાર મતદાન કરનાર મતદારોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા અનુરોધ કર્યો હતો સાથે નવસારી જિલ્લાના નાગરિકોને મોટી સંખ્યામાં મતદાન મથકે પહોંચી મતદાન કરવાની અપીલ કરી હતી.

# નવસારી જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ કર્યું મતદાન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ચીખલી(વંકાલ), તા.૨૬:** સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત નવસારી જિલ્લાના કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું.

મતદાન બાદ કલેક્ટરશ્રીએ જિલ્લાના નાગરિકોને સંદેશ આપતા જણાવ્યું હતું કે, લોકશાહી પ્રત્યેની જવાબદારી નિભાવવા દરેક મતદારે પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ. તેમણે નવસારી જિલ્લાના મતદારોને ઉત્સાહભેર મતદાન મથકે પહોંચી વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી.

# નોગામા ગામે પીઠી લગાવેલી કન્યા શ્રેયા પટેલે મતદાન કરી પોતાની ફરજ બજાવી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ચીખલી(વંકાલ) તા.૨૬:** સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ચીખલી તાલુકાના નોગામા (પટેલ ફળિયા) ખાતે રહેતી કન્યા શ્રેયા પટેલે પીઠી લગાવીને મતદાન મથકે પહોંચ્યા હતા અને તેઓએ પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું.

# ચીખલી તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૬૭.૪૪ ટકા જેટલું મતદાન થયું: ૬૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ

**■ સવારે ૭ વાગ્યેથી ૫ વાગ્યા સુધીમાં થયેલી ટકાવારી ગણદેવી તાલુકામાં ૬૫.૪૪ ટકા, વાંસદા તાલુકામાં ૭૨.૬૫ અને ખેરગામ તાલુકામાં -૭૩.૪૧ મતદાન નોંધાયું**

**■ સૌથી વધુ તાલુકા પંચાયતની ચાસા બેઠક પર ૭૫.૧૯ ટકા, જ્યારે સૌથી ઓછું ખૂંધ બેઠક પર ૬૧.૩૩ ટકા મતદાન નોંધાયું**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ચીખલી(વંકાલ), તા.૨૬**

ચીખલીમાં એપ્રિલ-૨૬ના રોજ તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાતા ચીખલી તાલુકાની ૨૮-પૈકી પાંચ બેઠકમાં ચીખલી, સમરોલી, તેજલાવ, પીપલગભણ અને તલાવચોરા બેઠક બિનહરીફ તેમજ જિલ્લા પંચાયતની આઠ બેઠક પૈકી ત્રણ જેમાં ઘેજ, વંકાલ અને રૂમલા બિનહરીફ થતાં તાલુકા પંચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની પાંચ બેઠક ઉપર ચૂંટણી યોજાતા સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૬૭.૪૪ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

તાલુકા અને જિલ્લા પંચાયત બેઠકમાં આલીપોર ૬૪.૬૨, આમધરા ૭૧.૨૫, બામણવેલ ૬૮.૮૬, ચાસા ૭૫.૧૯, દેગામ ૭૧.૩૮, ઢોલુમ્બર ૭૧.૦૩, ફડવેલ ૬૪.૦૪, ઘેજ ૬૪.૦૩, ગોડથલ ૬૬.૭૫, કાંગવઈ ૭૦.૩૬, ખૂંધ ૬૧.૩૩, કુકેરી ૬૧.૬૧, માંડવખડક ૬૭.૦૮, નોગામાં ૭૧.૬૮, રાનકુવા ૭૨.૪૮, રાનવેરી કલ્લા ૬૩.૬૮, રૂમલા ૬૯.૮૩, સાદડવેલ ૬૫.૧૭, સાદકપોર ૬૭.૦૨, સારવણી ૬૪.૮૨, સિયાદા ૬૭.૧૨, વંકાલ ૬૧.૫૩, વાંઝણા ૭૩.૫૩ જેટલું મતદાન થયું હતું.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં તાલુકાના કુલ મતદારો ૧,૬૧,૧૨૭ પૈકી ૧,૦૮,૬૬૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તાલુકા મથક ખૂંધ વિસ્તારમાંથી મતદારોએ નિરસતા દાખવતા આ બેઠક ઉપર સૌથી ઓછું ૬૧.૩૩ ટકા મતદાન થયું હતું. તાલુકામાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

ચીખલી તાલુકાની ૨૩ જિલ્લા પંચાયતની પાંચ બેઠકો માટે ૨૮ એપ્રિલને મંગળવારના રોજ ચીખલી નવી પ્રાથમિક શાળા ખાતે સવારે નવ વાગ્યાથી મતગણતરી શરૂ થશે. જેમાં શરૂઆતમાં પોસ્ટલ બેલેટ મતગણતરી કરવામાં આવશે. તંત્ર દ્વારા મત ગણતરી માટે એક હોલમાં સાત ટેબલો તાલુકા પંચાયત બેઠક માટે અને સાત ટેબલો જિલ્લા પંચાયત બેઠક માટે તેમજ બે હોલ મળી કુલ ૨૮ ટેબલોની વ્યવસ્થા કરવામાં આવી છે. મત ગણતરી માટે એક ટેબલ ઉપર ત્રણ કર્મચારીઓનો સ્ટાફ સાથે કુલ ૮૪ જેટલો સ્ટાફ મત ગણતરી માટે કામ કરશે. જ્યારે સમગ્ર મતગણતરીની જવાબદારી નાયબ મામલતદારની નિગરાણીમાં કરવામાં આવશે.

ચીખલી તાલુકામાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ જીતના દાવા કરી રહ્યા છે. ત્યારે ચીખલી તાલુકા અને જિલ્લા પંચાયતમાં ભાજપ પુનરાવર્તન કરશે કે પરિવર્તન સાથે કોંગ્રેસ સત્તા મેળવવામાં સફળ થશે તે જોવું રહ્યું. તાલુકા પંચાયતની ૨૩-બેઠકો માટે ૫૩-અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટે ૧૨-જેટલા મળી કુલ ૬૫-જેટલા ઉમેદવારોના ભાવિ સીલ થતા મંગળવારના રોજ ચિત્ર સ્પષ્ટ થશે.

## શ્રી વલ્લભ આશ્રમ પારડીના સંસ્થાપક પ.પૂ.સ્વામી શ્રી હરિપ્રસાદના ૯૬મા જન્મદિવસ નિમિત્તે

# નવનિર્મિત શાળા ભવનનું ઉદ્‌ઘાટન તથા પદ્મશ્રી શેખરસેન દ્વારા 'તુલસીદાસ' એકાંકી પાત્ર જેવા કાર્યક્રમો દ્વારા ઉજવણી











(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**પારડી, તા.૨૬**

શ્રી વલ્લભ આશ્રમ, પારડીના સંસ્થાપક પ.પૂ.સ્વામી શ્રી હરિપ્રસાદદાસના ૯૬માં જન્મદિવસ નિમિત્તે શ્રી વલ્લભ આશ્રમ મેઈન કેમ્પસમાં નવનિર્મિત પ્રાયમરી અને અપર પ્રાયમરી શાળા ભવનનું ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત શ્રી ભરતભાઈ દેસાઈ (આર. એન. સી.હાસ્પિટલ, વલસાડ)ના વરદહસ્તે શાળાના આ નવા ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પ.પૂ.સ્વામી શ્રી હરિપ્રસાદદાસએ હાજર આમંત્રિત મહેમાનોને શિક્ષણના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપી બાળકોના સંસ્કાર અને શિક્ષણ માટે હજુ ઘણા કાર્યો કરવાના છે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત પ.પૂ.સ્વામી શ્રી હરિપ્રસાદદાસના ૯૬માં જન્મદિવસના શુભ પ્રસંગે ભારત રત્ન મોરાર દેસાઈ મેમોરિયલ હોલ, પારડી ખાતે પદ્મશ્રી શ્રી શેખર શેન દ્વારા તુલસીદાસ આધારિત એકાંકી પાત્ર ભજવવામાં આવ્યું હતું. તેમની અભિનયકળાએ ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો.

ઉપરોક્ત બંને કાર્યક્રમમાં સૌ ટ્રસ્ટીગણ, સંચાલકગણ, શિક્ષકગણ, વલસાડ જિલ્લાના નામાંકિત વ્યક્તિઓ તેમજ સંગીત રસીકોએ હાજર રહી કાર્યક્રમને શોભાવી સ્વામીને એમના ૯૬માં જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી એમના આશીર્વાદ મેળવ્યા હતા.

સ્વામીએ શ્રી વલ્લભ આશ્રમ શાળાની ૫૦ વર્ષની સફળ યાત્રા વિષે માહિતી આપી હતી તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી કુશ સાકરીયા દ્વારા આમંત્રિત સૌ મહેમાનોનું શાબ્દિક અભિવાદન કરવામાં આવ્યું હતું.

# વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટી દ્વારા 'મહિલા એચિવર્સ એવોર્ડ નાઈટ'નું ભવ્ય આયોજન કરાયું





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૨૬**

વાપી સ્ટાર્ટઅપ કમ્યુનિટીએ સફળતાપૂર્વક ''મહિલા અચીવર્સ એવોર્ડ નાઈટ''નું ભવ્ય આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરનાર મહિલાઓને સન્માનિત કરવાનો હતો. કાર્યક્રમમાં ૨૦૦થી વધુ લોકો હાજર રહ્યા હતા અને વલસાડ જિલ્લામાંથી ૧૨૫થી વધુ નામાંકન મળ્યા હતા, જે આ વિસ્તારનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ બન્યો. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ ટેલિવિઝન અભિનેત્રી અપરા મહેતા મુખ્ય અતિથિ તરીકે હાજર રહી અને કાર્યક્રમને વધુ ગૌરવ આપ્યું.

પસંદગી પ્રક્રિયા બાદ આઠ પ્રતિભાશાળી મહિલાઓને તેમના ઉત્તમ કાર્ય માટે એવોર્ડ આપવામાં આવ્યા, જેમાં તૃપ્તિ વિનોદ સિંહ - ફેશનિસ્ટા ઓફ ધ યર ૨૦૨૬, ચૈતાલી મિસ્ત્રી - યોગા એન્ડ હેલ્થ એક્સપર્ટ ૨૦૨૬, ડૉ. કૃષ્ણા કંસાર - ક્રિએટિવ એન્ટ્રપ્રેન્યોર ઓફ ધ યર ૨૦૨૬, અંકિતા પાન્સુરિયા - રોલ મોડલ ઓફ ધ યર ૨૦૨૬, સ્વાતિ ગોયલ - બિઝનેસવુમન ઓફ ધ યર ૨૦૨૬, અજિતા દેસાઈ - હોમપ્રેન્યોર ઓફ ધ યર ૨૦૨૬, સોનિયા સિંગ - ઈમ્પેક્ટ લીડર ઓફ ધ યર ૨૦૨૬ અને તાશા ક્રાફટ - વુમન સ્ટાર્ટઅપ ઓફ ધ યર ૨૦૨૬નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, કેટલીક કંપનીઓને તેમના સમાજ માટેના યોગદાન બદલ સામાજિક જવાબદારી (CSR) એવોર્ડ આપવામાં આવ્યા, જેમાં ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, પ્રકાશ સ્ટીલએજ લિમિટેડ અને સંધ્યા ઓર્ગેનિક કેમિકલ્સનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં આરએસઆરયુ, વત્સલ્ય સ્કૂલ, અથર્વા પબ્લિક સ્કૂલ તેમજ કોસ્ટ ગાર્ડ સ્ટેશન દમણમાંથી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, તેમજ એનજીઓના સભ્યો સાથે એલાઈટ્સના પ્રેસિડેન્ટ ગિરીશ ખૂભચંદાની, બિઝના પ્રેસિડેન્ટ જતિન મોનાની તેમજ રોટરી ક્લબ વાપી, ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના DGE નિલેશ શાહ અને અન્ય સભ્યોની હાજરી રહી હતી.

આ કાર્યક્રમ કમ્યુનિટી ફાઉન્ડર કૃષિત શાહના માર્ગદર્શન હેઠળ, પેટ્રોન પાર્થિવ મહેતાના સહયોગથી અને પ્રોજેક્ટ ચેર પ્રાચી શાહના નેતૃત્વમાં યોજાયો હતો. આયોજન ટીમમાં રવિ શાહ, કૃતિકા પાર્થ પટેલ, તૃપ્તિ અગ્રવાલ, ડૉ.શ્વેતા પટેલ મહેતા, ફાતિમા નૂરાની, મનીષ જૈન, નરેન્દ્ર ભાનુશાળી, સંજય કોટક, કુનાલ તયાલ અને હેતલ જુઠાણીનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમને મુખ્ય પ્રાયોજક કાકરિયા હાઉસિંગ અને સહ-પ્રાયોજકો હોટેલ સિલ્વર લીફ, દમન કલ્ચર, નીલકંઠ ડેવલપર તથા એવોર્ડ પ્રાયોજક ડાકલે ઈન્ડસ્ટ્રી દ્વારા સહયોગ મળ્યો હતો.

આ કાર્યક્રમ વલસાડ જિલ્લામાં આ સ્તરે યોજાયેલા મહત્વના કાર્યક્રમોમાંનો એક છે અને સમુદાય માટે પ્રેરણાદાયક છે.

મહિલા અચીવર્સ એવોર્ડ નાઈટ દ્વારા પ્રેરણાદાયી મહિલાઓને સન્માન આપીને વાપી સ્ટાર્ટઅપ કમ્યુનિટી મહિલાઓના સશક્તિકરણ અને વિકાસ માટે સતત કાર્યરત છે.

# વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભીલાડમાં રાહત દરે નોટબુક, પેન, પેન્સિલનું વિતરણ કરાયું

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૨૬**





સમાજ સેવા એજ પ્રભુ સેવાના ઉદ્દેશથી વલસાડ જિલ્લામાં વર્ષના ૩૬૫ દિવસ અવિરત સમાજ સેવાના કાર્યો કરતી સંસ્થા એટલે ફક્ત વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ. આ વખતે આ ટ્રસ્ટ ગ્રુપ દ્વારા ભીલાડ તેમજ આજુબાજુ વિસ્તારમાં રહેતી જાહેર જનતાને ધ્યાનમાં રાખી દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૨૫/૪/૨૦૨૬ ને શનિવાર ના રોજ વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કિરણ રાવલ, કમલેશ પંડિત, અક્ષય રાવલ અને નિલેશ જોશી તેમજ અન્ય ટ્રસ્ટ ગ્રુપના સભ્યો તરફથી ભિલાડમાં સ્વામિનારાયણ સ્કૂલની સામે ખાતે આ વખતે સૌ પ્રથમવાર બજાર કિંમત કરતા લગભગ ૫૦% થી વધુ ડિસ્કાઉન્ટના ભાવે સારી ગુણવત્તા વાળી Shape કંપનીની નોટબુક અને નોટબુકોના કવર તથા પેન્સિલ બોક્સ તેમજ બોલપેનના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાપી તેમજ આજુબાજુમાં રહેતા લોકોએ આ ડિસ્કાઉન્ટ વિતરણ કેમ્પનો ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ વિતરણ કેમ્પમાં વહેલા તે પહેલા ના ધોરણે નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી છેલ્લા ૮ વર્ષથી દર વર્ષે રાહત દરે નોટબુક વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ગત દિવસોમાં વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આવા જ એક નોટબુક વિતરણ કેમ્પનું આયોજન વાપી ખાતે કરવામાં આવ્યો હતો. જેનો લાભ વાપી તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતી જનતાએ પણ લીધો હતો.

# અંકલેશ્વર નગરની હિન્દી માધ્યમ પ્રા. શાળાનાં મુખ્ય શિક્ષક જયેશભાઈ રાણાનો વિદાય સમારંભ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ઓલપાડ, તા.૨૬**





નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વર સંચાલિત હિન્દી માધ્યમ પ્રાથમિક શાળાનાં મુખ્ય શિક્ષક શ્રી જયેશભાઈ રમણલાલ રાણાનો વિદાય સન્માન સમારંભ શિક્ષકગણની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષક સંઘ અંકલેશ્વર તથા મ્યુનિસિપલ ટીચર્સ કો-ઓપરેટિવ સોસાયટીનાં પ્રમુખ શ્રી ગજેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ સમારંભમાં શ્રી રમેશભાઈ ગુજજર, શ્રી શશીકાંતભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ઠાકોર, શ્રી નીતિનભાઈ મોદી, સ્ટેશન શાળા નંબર ૨૨નાં મુખ્ય શિક્ષક શ્રી યોગેન્દ્રસિંહ વાંસદીયા તથા નિવૃત્ત થઈ રહેલ શ્રી જયેશભાઈ રાણાનાં પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. વિદાય સન્માન સમારંભ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોએ શ્રી જયેશભાઈ રાણાની શિક્ષણ સેવાને બિરદાવી શેષ જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે તેમનું શાલ ઓઢાડી સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

અંતમાં શ્રી જયેશભાઈએ પોતાનાં પ્રતિભાવમાં ફરજ દરમિયાન પોતાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપનાર તમામ નામી અનામીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444**

હમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# આપને નબળો પાડવામાં સફળ રહ્યો ભાજપ

**એ**કાદ પખવાડિયાં પહેલાં જે બાબત શક્યતા તરીકે જોવાતી હતી તે આજે વાસ્તવિકતા બની ગઈ છે. આમ આદમી પાર્ટીના યુવા નેતા, યુવાનો માટે રાજકીય ક્ષેત્રે એક આકર્ષક ચહેરો કહી શકાય તે રાઘવ ચઢ્ઢા આખરે આપ છોડીને ભાજપની છાવણીમાં જતા રહ્યા છે. અન્ય સાત સાંસદોએ પણ આપનો સાથ છોડ્યો છે, જ્યારે કોઈ સદસ્ય, નેતા કે કાર્યકર્તા પક્ષ છોડે ત્યારે પક્ષના નેતા અને નીતિઓ વિશે ઘસાતું બોલે તે સહજ છે, પરંતુ આમ આદમી પાર્ટીમાંથી જે રીતે નેતાઓ અન્ય પક્ષમાં જઈ રહ્યા છે તે જોતાં આ પક્ષે હવે મનોમંથન કરવાની જરૂર છે. એક તો ભાજપ અને કોંગ્રેસ બન્ને કરતાં પક્ષનું ફલક નાનું એમાં પણ જો સમયાંતરે આવી ઊલટફેર થાય તો પક્ષનું અસ્તિત્વ જોખમમાં આવી શકે. દેશનાં વાતાવરણમાં વધી રહેલી ગરમીની સાથે રાજકીય મોરચે પણ ગરમી છે. બંગાળમાં થયેલા જંગી મતદાનનો ફાયદો કોને થશે તેના ઉપર ચર્ચા ચાલી છે. સત્તાપરિવર્તન થશે કે મમતા બેનર્જી પુનઃ શાસક બનશે તે પ્રશ્ન સર્વત્ર છે. ગુજરાતમાં ચૂંટણીનો માહોલ છેલ્લા દિવસોમાં જામ્યો, પક્ષપલટાઓ થયા, ઉમેદવારો બિનહરીફ થયા છે. આ સ્થિતિમાં દિલ્હી હોટસ્પોટ બન્યું છે. રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, અશોક મિત્તલ સહિત રાજ્યસભાના સાત સાંસદોએ પક્ષમાંથી રાજીનામુંઆપીને ભાજપમાં પોતે જોડાતા હોવાની જાહેરાત કરી દીધી. આપને આ ઘણું મોટું નુકસાન છે. રાઘવે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ આક્ષેપ કરતાં કહ્યું કે, પક્ષ હવે તેના મૂળ સિદ્ધાંતોથી ભટકી ગયો છે, રાષ્ટ્રહિતને બદલે હવે વ્યક્તિહિત સધાઈ રહ્યું છે. રાજ્યસભામાં આમ આદમી પાર્ટીની ક્ષમતાની બે તૃતીયાંશથી વધારે કહી શકાય તેવા સાત સાંસદ ભાજપમાં ગયા છે તેનાથી સ્પષ્ટ છે કે, આપને નબળો પાડવામાં ભાજપ સફળ રહ્યો છે. કોઈ કાર્યકર્તા પાર્ટી છોડીને જાય અને સિનિયિર આગેવાનો પક્ષ છોડે તે સ્થિતિમાં ફેર છે. આવા અગ્રપંક્તિના નેતા પક્ષ છોડીને જઈ રહ્યા છે, આપ માટે આ રાજકીય સંકટની ઘંટડી છે, લાલબત્તી છે. રાજ્યસભામાં તો પક્ષ નબળો પડ્યો જ, જો ધ્યાન નહીં રાખે તો આમ આદમી પાર્ટીના અસ્તિત્વ સામે પ્રશ્ન ઊભો થઈ શકે. આ ફક્ત રાજ્યસભા કે દિલ્હીની વાત નથી. જેમણે આપ સાથે છેડો ફાડ્યો તે સાંસદો પંજાબના છે. વિધાનસભાની પંજાબ ચૂંટણી ઉપર પણ આ ઘટનાની અસર થાય. સૌથી અગત્યની વાત તો એ છે કે, બે તૃતીયાંશ સદસ્યો ભાજપમાં જઈ રહ્યા છે, તેથી પક્ષાંતર ધારો તેમને લાગુ નહીં પડે અને તેઓ ભાજપમાં વિલય થશે. સ્વાભાવિક રીતે આપ આ ઘટનાને દગાખોરી કહી રહ્યો છે. વિપક્ષી સંગઠન ઈન્ડિયાને પણ આ એક મોટો ધક્કો છે. ૨૦૨૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂર્વે આઠ ધારાસભ્યે પક્ષ છોડ્યો હતો. મે ૨૦૨૫માં ૧૫ કોર્પોરેટર્સ પક્ષ છોડીને ગયા અને ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટીની સ્થાપના કરી. દિલ્હીના વરિષ્ઠ નેતા રાજેન્દ્ર પાલ ગૌતમે ગયા વર્ષે પક્ષ મૂક્યો હતો. છેલ્લા એક વર્ષમાં આઠ ધારાસભ્ય, ૧૫ કોર્પોરેટર્સ અને હવે રાજ્યસભાના સાત સાંસદે પક્ષ છોડી દીધો છે. દેશના બે રાજ્યમાં જ હજી આપનું આટલા વર્ષે વર્ચસ્વ છે. જો ખરેખર તેના સ્થાપકો નેતાઓની ઈચ્છા પક્ષ ચલાવવાની હોય, જો આ મૌલિક રાજકીય પક્ષ હોય તો હવે મોડું કરવું જોઈએ નહીં અને મંથન શરૂ કરવું જોઈએ. કાળક્રમે વિલીન જ થવાની ગણતરી હોય તો હજી ચૂંટણી તો ઘણી આવશે.

# કેજરીવાલ અને સિસોદિયાએ બળવાખોર સાંસદોની મુશ્કેલીઓ વધારવા માટે કસી કમર

### આ બેઠકમાં બળવો કરનારનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યોઃ રાઘવ ચઢ્ઢાની વધી જશે મુશ્કેલીઓ!

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૬**

આમ આદમી પાર્ટી (AAP) અત્યારે મોટા સંકટમાંથી પસાર થઈ રહી છે. રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં ૨/૩ જેટલા રાજ્યસભાના સાંસદોએ પાર્ટી છોડીને ભાજપમાં જોડાવાનો દાવો કર્યા બાદ દિલ્હીથી લઈને રાષ્ટ્રીય રાજકારણ ગરમાયું છે. આ કટોકટીનો સામનો કરવા માટે શુક્રવારે (૨૪ એપ્રિલ) મોડી રાત્રે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વચ્ચે અડધો કલાક લાંબી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં બળવો કરનાર રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ સહિતના નેતાઓ સામે કડક કાર્યવાહી કરીને તેમનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતમાં રાજકોટ મ્યુનિસિપલ ચૂંટણીના પ્રચારમાંથી શુક્રવારે મોડી રાત્રે દિલ્હી પરત ફરેલા મનીષ સિસોદિયા સીધા જ એરપોર્ટથી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે ૩૦ મિનિટથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી. આ બેઠકમાં પાર્ટીમાં પડેલા મોટા ભંગાણ, તેની આવનારા સમયમાં પાર્ટી પર પડનારી સંભવિત અસર અને હવે આગળ શું કરવું તેની ભવિષ્યની રણનીતિને લઈને ગહન મંથન કરવામાં આવ્યું હતું. કેજરીવાલ અને સિસોદિયાએ બળવાખોર સાંસદોની મુશ્કેલીઓ વધારવા માટે કમર કસી છે. પાર્ટી હવે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખીને આ નેતાઓ સામે પગલાં લેવા રજૂઆત કરશે. AAP ના રાજ્યસભાના ચીફ વ્હિપ એનડી ગુપ્તા દ્વારા રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ વિરુદ્ધ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કડક કાર્યવાહીની માંગ કરતો પત્ર સોંપવામાં આવશે. નોંધનીય છે કે આ ૩ નેતાઓ ખુલ્લેઆમ ભાજપની છાવણીમાં જોડાઈ ગયા છે, જ્યારે અન્ય ૪ નેતાઓએ હજુ સુધી જાહેરમાં આવું કર્યુ નથી, તેથી હાલ પૂરતી આ ૩ નેતાઓ સામે જ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવશે.

આ મામલે AAPના વરિષ્ઠ નેતા સંજય સિંહે પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખીને બંધારણની ૧૦મી અનુસૂચિનો હવાલો આપશે અને આ સાંસદોને ગેરલાયક ઠેરવવાની માંગ કરશે. બંધારણની ૧૦મી અનુસૂચિમાં પક્ષપલટાના આધારે સાંસદોને ગેરલાયક ઠેરવવાની સ્પષ્ટ જોગવાઈઓ છે.

ઉલ્લેખનીય છે કે ૨૪ એપ્રિલના રોજ રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક, હરભજન સિંહ, રાજીન્દર ગુપ્તા, વિક્રમજીત સિંહ સાહની અને સ્વાતિ માલીવાલે AAP નો સાથ છોડીને ભાજપમાં જવાનો નિર્ણય લીધો હતો. પાર્ટીમાં આ વિવાદ અને આંતરિક નારાજગી છેલ્લા ઘણા અઠવાડિયાથી ચાલી રહી હતી, પરંતુ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં ઉપનેતા પદ પરથી હટાવ્યા બાદ આ મતભેદો સપાટી પર આવ્યા અને આખરે તેણે બળવાનું રૂપ લઈ લીધું હતું.

### એએપીના ૭ રાજ્યસભા સાંસદો ભાજપમાં જોડાયા છે

# વિલયને મંજૂરી મળશે તો રાજ્યસભામાં એનડીએના સભ્યોની સંખ્યા વધશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૬**

આમ આદમી પાર્ટીને શુક્રવારે જબરદસ્ત મોટો ઝટકો મળ્યો. રાજ્યસભાના ૧૦સાંસદમાંથી ૭સાંસદોએ પાર્ટી સાથે છેડો ફાડ્યો અને ભાજપમાં જોડાઈ ગયા. જેમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ સહિત સાત સાંસદો સામેલ છે. હવે આ ડેવલપમેન્ટ બાદ એનડીએની રાજ્યસભામાં તાકાત વધી ગઈ છે અને ૧૪૫ સુધી પહોંચી ગઈ છે. જો કે આ લીડ મહત્વપૂર્ણ છે પરંતુ આમ છતાં એનડીએ હજુ પણ બે તૃતિયાંશ બહુમતી કરતા દૂર છે. રાજ્યસભાના કુલ પ્રભાવી સાંસદોની સંખ્યા ૨૪૪ છે. જેમાંથી બે તૃતિયાંશ બહુમતી માટે ૧૬૩ સાંસદોની જરૂર પડે છે. જેને જોતા એનડીએને હજુ પણ બહુમત માટે ૧૮ સાંસદની જરૂર છે. આ રાજકીય ઉથલપાથલ બાદ ભાજપની પોતાની સંખ્યા પણ વધતી જોવા મળી રહી છે. જો આમ આદમી પાર્ટીના સાત સાંસદોનો ભાજપમાં ઔપચારિક રીતે વિલય સ્વીકારી લેવાય તો ભાજપ પાસે હવે રાજ્યસભામાં કુલ ૧૧૩ સભ્યો થાય. જ્યારે હાલ ૧૦૬ સાંસદ છે. આ બદલાવ ભાજપને સંસદના ઉપલા ગૃહમાં પહેલા કરતા વધુ મજબૂત બનાવશે. કારણ કે પહેલા અન્ય પક્ષો પર નિર્ભર રહેવું પડતું હતું. રાજ્યસભામાં સાધારણ બહુમત માટે ૧૨૩ સાંસદોના સમર્થનની જરૂર પડે છે. ભાજપ જો સાત નામાંકિત અને બે અપક્ષ સાંસદોનું સમર્થન ભેગુ કરે તો પણ તેનો આંકડો ૧૨૨ સુધી પહોંચી શકે. એટલે કે પાર્ટીને હજુ પણ પોતાના દમ પર બહુમત મેળવવામાં એક ડગલું ખૂટે છે. આ સ્થિતિમાં ભવિષ્યની કાયદાકીય વ્યૂહરચના મુદ્દે આ સ્થિતિ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. બંધારણીય સંશોધન સંલગ્ન મહત્વપૂર્ણ બિલો સરળતાથી પાસ થાય તે માટે એનડીએને બે તૃતિયાંશ બહુમત હોય તે ખુબ જરૂર છે. હાલમાં એનડીએ પાસે લોકસભામાં સાધારણ બહુમત જરૂર છે પરંતુ ત્યાં પણ બે તૃતિયાંશ બહુમત નથી. લોકસભામાં આ પ્રકારના સમર્થન માટે ૩૬૩ સાંસદોની જરૂર પડે. આ જ કારણે અનેક મહત્વપૂર્ણ બિલો પાસ કરાવવામાં મુશ્કેલી પડી. આ સમગ્ર મામલાની કાયદેસરની માન્યતા હવે રાજ્યસભાના સભાપતિ સી પી રાધાકૃષ્ણનના નિર્ણય પર નિર્ભર કરશે. રાઘવ ચઢ્ઢાનો દાવો છે કે આમ આદમી પાર્ટીના ૧૦માંથી સાત સાંસદોએ મળીને વિલયનો નિર્ણય લીધો છે. જે બંધારણીય જોગવાઈઓ હેઠળ બે તૃતિયાંશની શરત પૂરી કરે છે. જો આ વિલયને મંજૂરી મળે તો આ સાંસદોની સદસ્યતા સુરક્ષિત રહી શકે છે અને ભાજપની તાકાત વધશે.

# WMOની ચેતવણીઃ અલ નીનોને કારણે ભીષણ ગરમી પડશે, મે મહિનાથી દેખાશે અસર

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૬**

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) એ એક ગંભીર ચેતવણી આપી છે કે, મે થી જુલાઈ મહિનાની વચ્ચે અલ નીનોની સ્થિતિ સક્રિય થઈ શકે છે. આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા છે. પહેલા એવો અંદાજ હતો કે, આ સ્થિતિ ચોમાસાના બીજા હિસ્સા (ઓગસ્ટ-સપ્ટેમ્બર)માં બનશે, પરંતુ હવે તે વહેલું સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અલ નીનોના કારણે ભીષણ ગરમી પડશે.

### આ બદલાતી ભૌગોલિક સ્થિતિને કારણે ભારત સહિત સમગ્ર દક્ષિણ એશિયાના હવામાન પર વ્યાપક અસર પડવાની શક્યતા

અલ નીનો એ એક એવી જળવાયુ સ્થિતિ છે જે દર ૨ થી ૭ વર્ષે સર્જાય છે અને સામાન્ય રીતે ૯ થી ૧૨ મહિના સુધી પ્રભાવી રહે છે. આ કુદરતી ઘટનાને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં તાપમાન અને વરસાદની પેટર્નમાં મોટો ઉલટફેર જોવા મળે છે અને સામાન્ય રીતે વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે, જે ગરમીના નવા રેકોર્ડ સર્જી શકે છે. ભારત માટે આ સમાચાર ચિંતાજનક છે, કારણ કે ભારત હવામાન વિજ્ઞાન વિભાગે અગાઉથી જ આ વર્ષે દેશમાં સરેરાશ કરતા ઓછો વરસાદ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

WMOના જણાવ્યા પ્રમાણે વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જેનાથી આગામી મહિને અલ નીનોની સ્થિતિ બનવાનો સંકેત મળી રહ્યો છે.

WMOએ જણાવ્યું છે કે મે, જૂન અને જુલાઈ દરમિયાન જમીનનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની શક્યતા છે. આનો અર્થ એ થયો કે લગભગ દરેક જગ્યાએ કાળઝાળ ગરમી પડી શકે છે. સંસ્થાનું માનવું છે કે આવી હવામાન આગાહી કૃષિ, પાણી વ્યવસ્થાપન, ઉર્જા અને આરોગ્ય જેવા ક્ષેત્રો માટે ખૂબ જરૂરી હોય છે, જેનાથી સમય રહેતા તૈયારી કરી શકાય.

WMOના જળવાયુ આગાહીના પ્રમુખ વિલ્ફ્રાન મૌફૂમા ઓકિયાએ કહ્યું કે વર્ષની શરૂઆતમાં તટસ્થ પરિસ્થિતિઓ હતી, પરંતુ હવે બધા મોડેલો અલ નીનોની રચનાની પુષ્ટિ કરી રહ્યા છે અને આગામી મહિનાઓમાં તેના વધુ મજબૂત થવાની સંભાવના છે.

એક રિપોર્ટ પ્રમાણે હિન્દુ કુશ હિમાલય ક્ષેત્રમાં આ વર્ષે બરફના પ્રમાણમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. આ વર્ષે હિમવર્ષાનું પ્રમાણ સામાન્ય કરતા ૨૭.૮% ઓછું રહ્યું છે, જે છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી ઓછું છે. હિમાલયની પર્વતમાળાઓમાં બરફ ઓછો હોવાને કારણે અહીંથી નીકળતી નદીઓના જળસ્તર પર સીધી અસર પડી શકે છે.અને લગભગ ૨ અબજ લોકોની જળ સુરક્ષા સામે ગંભીર ખતરો પેદા થઈ શકે છે.

સામાન્ય રીતે અલ નીનો દરમિયાન ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ભારતના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો અથવા તો દુષ્કાળની સ્થિતિ બને છે. જ્યારે દક્ષિણ અમેરિકા, અમેરિકાના દક્ષિણ ભાગો, આફ્રિકાના કેટલાક ભાગો અને મધ્ય એશિયામાં વધુ વરસાદ જોવા મળે છે.

### હવામાન વિભાગે તારીખ સાથે કરી ભવિષ્યવાણી

# આ વર્ષે સમય કરતા વહેલું આવશે ચોમાસુ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ (ECMWF) ના નવા ડેટા અનુસાર, મે મહિનાના અંત સુધી ચોમાસુંના દક્ષિણ ભારત પહોંચવાની આશા છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસું ભારતમાં સૌથી પહેલા કેરળમાં દસ્તક આપે છે, અને તેના બાદ અન્ય રાજ્યો તરફ આગળ વધે છે. સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં આ ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે. કેરળમાં પણ ચોમાસુ ૨૫ મેની આસપાસ આવી જશે.

### સૌથી પહેલા આંદામાન અને નિકોબાર ટાપુમાં ચોમાસું ૧૮ થી ૨૫ મેની વચ્ચે દસ્તક આપી શકે છે

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વખતે ચોમાસું વહેલું આવવાનું કારણ અલ નીનો છે. હકીકતમાં, અલ નીનોની સ્થિતિ બનવાની શક્યતા બહુ જ ઓછી થઈ ગઈ છે. પોઝિટિવ ઈન્ડિયન ઓશન ડાઈપોલથી વરસાદ જલ્દી થવાનો છે અને ચોમાસું વહેલા દસ્તક આપે તેવુ દેખાઈ રહ્યું છે. જોકે, આ મહિનાની શરૂઆતમાં જ હવામાન વિભાગે કહ્યું હતું કે, આ વર્ષે ભારતમાં ચોમાસું સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે. જે ત્રણ વર્ષમાં પહેલીવાર આવું થશે. હવામાન વિભાગે કહ્યું હતું કે, ૨૦૨૬ માં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના મોસમ (જુનથી સપ્ટેમ્બર) માં સમગ્ર દેશમાં વરસાદ સામાન્યથી ઓછા રહેવાની શક્યતા છે. (લાંબા સમયથી અંદાજે (LPA)ના ૯૫-૯૦ ટકા).

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ એટલે ECMWF ના અનુસાર, ચોમાસાની શરૂઆત વહેલા થવાની શક્યતા છે. ગત વર્ષે ૨૦૨૫ માં પણ અનુમાન હતું કે, કેરળમાં ચોમાસું ૨૭ મેથી ૨૯ મે વચ્ચે પહોંચી જશે. પરંતું તે પહેલા જ ચોમાસાએ દસ્તક આપી હતી. આ રીતે આ વર્ષે પણ વહેલા ચોમાસાના સંકેત છે. હાલનું હવામાનનું મોડલ બતાવે છે કે, હિન્દ મહાસાગરથી આવતી ગરમ હવાઓ તેજ બની રહી છે. જે બંગાળની ખાડી અને અંદામાન સાગરના ઉપર બની રહી છે. આ હવાઓને કારણે એ સમયે એ વિસ્તારમાં સામાન્યથી ૩૦ થી ૬૦ મિલિમીટર વધુ વરસાદ થઈ શકે છે.

આંદામાનના ઉત્તરમાં એક ટ્રોપિકલ સિસ્ટમ બનવાની ૨૦ થી ૪૦ ટકા સંભાવના વ્યક્ત કરાઈ છે. આવી સિસ્ટમ સામાન્ય રીતે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે. કારણ કે, તે વાતાવરણમાંથી વધુ ભેજ શોષી લે છે. તેના બાદ ૨૫ મેથી ૧ જુનની વચ્ચે ચોમાસાના આગળ વધવાના અણસાર છે. આ દરમિયાન દક્ષિણ-પૂર્વ અરબ સાગરના ઉપર તેજ પશ્ચિમી હવાઓ વહી શકે છે. જે ભેજને સીધા ભારતના દક્ષિણ-પશ્ચિમી તટ તરફ લઈ જાય છે. તેનાથી કેરળ અને તમિલનાડુના દક્ષિણી વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ થવાની શક્યતા છે.

આ વર્ષના શરૂઆતમાં પડેલી ભીષણ ગરમીની શરૂઆત ચોમાસા પર પડી શકે છે. વધુ ગરમીને કારણે સમુદ્ર પરથી આવનારી હવાઓ પહેલા સક્રિય બની જાય છે. જેનાથી ચોમાસું જલ્દી આવવાની સંભાવના વધી જાય છે. હવામાન વિભાગના એક્સપર્ટસનું કહેવું છે કે, જો સમુદ્ર અને વાતાવરણની સ્થિતિમાં કોઈ બદલાવ ન થાય તો ચોમાસું ૨૫ મેની આસપાસ ભારતમાં દસ્તક આપી શકે છે. અત્યાર સુધીના સંકેત જણાવે છે કે, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા વહેલુ આવી શકે છે. જોકે, હજી સુધી દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળી છી. પરંતુ જો આ અનુમાન સાચું સાબિત થયું, તો દક્ષિણ ભારતના લોકોને ગરમીથી મોટી રાહત મળશે.

# દુનિયા પર ભારે પડી રહ્યું છે અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ : ગરીબ થઈ જશે 3 કરોડ લોકો

### વર્ષના અંત સુધી જોવા મળશે તેની અસર : ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, સોમાલિયા, સૂદાન, તાંઝાનિયા અને મિસ્ત્ર જેવા દેશોમાં જોવા મળી રહ્યું છે સૌથી વધુ જોખમઃ FAO

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

અમેરિકા-ઈરાન વચ્ચે ૫૦ દિવસથી વધુ સમય ચાલેલા યુદ્ધમાં જોકે અત્યારે સીઝફાયર ચાલી રહ્યું છે, પરંતુ વૈશ્વિક ચિંતા યથાવત ચે. આ જંગની અસર દુનિયાના તમામ દેશોમાં તેલ-ગેસ સંકટના રૂપમાં જોવા મળી, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ ગયું. આ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રના વિકાસ પ્રમુખ તરફથી મોટી ચેતવણી આપવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે યુદ્ધને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને કારણે આશરે ૩ કરોડ લોકો ગરીબીમાં પહોંચી શકે છે. રિપોર્ટમાં તેની પાછળના મોટા કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રોયટર્સના રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રના ગ્રોથ ચીફ એલેક્ઝેન્ડર ડી ક્રૂએ મિડલ ઈસ્ટના ખતરનાક પ્રભાવ તરફ ફોકસ કર્યું છે અને મોટી ચેતવણી જાહેર કરી છે. તેમણે કહ્યું કે ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટથી માલવાહક જહાજોના સતત ફસાયેલા રહેવાને કારણે ઈંધણની અછત નહીં, ફર્ટિલાઈઝરની સપ્લાય પણ પ્રભાવીત થઈ છે, જે કૃષિ ઉત્પાદન પર સીધી અસર કરી રહી છે. આ વર્ષના અંત સુધીમાં પાકના ઉત્પાદનમાં તેની અસર જોવા મળશે.

ક્રૂએ આગળ કહ્યું કે અમેરિકા અને ઈરાનનું આ યુદ્ધ ભલે ખતમ થઈ જાય, પરંતુ તે પહેલા જોવા મળી રહેલા પ્રભાવ આગળ યથાવત રહેશે, જે દુનિયાની ૩૦ મિલિયન કે ૩ કરોડ વસ્તીને ગરીબીમાં ધકેલી શકે છે. આ સંઘર્ષના અપ્રત્યક્ષ પ્રભાવોથી આવનારા મહિનામાં ખાદ્ય અસુરક્ષા વધવાની આશંકા છે.

સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)એ પણ પાછલા સપ્તાહે કેટલીક ચેતવણી જાહેર કરી હતી અને તેમાં કહેવામાં આવ્યું કે મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં લાંબા સમય સુધી ચાલવાથી વૈશ્વિક ફૂડ સંકટનું કારણ બની શકે છે.

એફએઓ પ્રમાણે ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, સોમાલિયા, સૂદાન, તાંઝાનિયા અને મિસ્ત્ર જેવા દેશોમાં સૌથી વધુ જોખમ જોવા મળી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે થોડા મહિનામાં ખાદ્ય અસુરક્ષાનું સંકટ જોવા મળી શકે છે અને સૌથી મોટી વાત છે કે તેના વિશે વધુ કંઈ ન કરી શકીએ.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ (UNDP) ચીફ ડી ક્રૂનું કહેવું છે કે ઈરાન યુદ્ધને કારણે પહેલા જ વૈશ્વિક જીડીપીના ૦.૫ ટકાથી ૦.૮ ટકા સુધી નષ્ટ થઈ ગયા છે. તેમણે કહ્યું કે જે વસ્તુને બનાવવામાં દાયકાઓનો સમય લાગી જાય છે, તેને નષ્ટ કરવા માટે આઠ સપ્તાહનું યુએસ-ઈરાન યુદ્ધ પૂરતું રહ્યું.

૨૮ ફેબ્રુઆરીએ આ યુદ્ધની શરૂઆત થઈ હતી, જ્યારે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર સ્ટ્રાઈક શરૂ કરી હતી અને ઈરાનના પલટવાર બાદ દુનિયાની લાઈફલાઈન ગણાતા તેલ-ગેસ રૂટમાં સમસ્યા થઈ ગઈ અને એનર્જી સહિત જરૂરી સામગ્રીઓની સપ્લાય ચેન તૂટી ગઈ છે.

# બંગાળમાં પરિવર્તન કે પુનરાવર્તન? : SIRમાં ૧૮ લાખ મતદારો ઘટ્યા છતાં ૨૪ લાખ વોટ વધ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૬:** ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા શરૂ કરીને અનેક મતદારોના નામ કાપી નાખ્યા હતા, જોકે તેમ છતાં રાજ્યમાં વિધાનસભા ચૂંટણી માટે ગુરુવારે યોજાયેલા પ્રથમ તબક્કાનાં મતદાનમાં 'વોટિંગ ટકાવારી' અને 'કુલ મતદારોની સંખ્યા'માં વધારો થતાં જૂના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. ગુરુવારે ૧૬ જિલ્લામાં ૧૫૨ બેઠકો પર મતદાન યોજાયું હતું, ત્યારે આ જ બેઠકો પર ૨૦૨૧માં પણ મતદાન યોજાયું હતું. ૨૦૨૧ અને ૨૦૨૬ની આંકડાઓની તુલના કરતા આ વખતની ચૂંટણીમાં ૨૪ લાખ મતો વધી ગયા હોવાની વિગતો સામે આવી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી-૨૦૨૬માં પ્રથમ તબક્કામાં ૩.૩૫ કરોડથી વધુ મતદારોએ, જ્યારે ૨૦૨૧માં ૩.૧ કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યું હતું. ચોંકાવનારી વાત એ છે કે, SIR પ્રક્રિયા બાદ આ જ ૧૫૨ બેઠકો પર ૧૮ લાખ મતદારો ઘટી ગયા હતા. ૨૦૨૧માં આ બેઠકો પર ૩.૮ કરોડ મતદારો હતા. આ વખતે SIR બાદ મતદારોનો આંકડો ઘટીને ૩.૬ કરોડે પહોંચી ગયો હતો.

ચૂંટણી પંચના અપડેટેડ ડેટા મુજબ, ૧૬માંથી ૧૪ જિલ્લા (કાલિમ્પોંગ અને દાર્જિલિંગ સિવાય)માં ૯૦ ટકાથી વધુ મતદાન થયું છે. સૌથી વધુ કૂચ બિહારમાં ૯૬ ટકા, દક્ષિણ દિનાજપુરમાં ૯૫.૪ ટકા, જલપાઈગુડીમાં ૯૪.૬ ટકા, વીરભૂમમાં ૯૪.૫ ટકા, માલદામાં ૯૪.૪ ટકા મતદાન થયું છે. SIR બાદ સૌથી વધુ મુર્શિદાબાદમાં નામ કપાયા હતા, જ્યાં આ વખતે ૯૩.૬ ટકા મતદાન નોંધાયું છે.

આંકડા મુજબ, બંગાળના મોટાભાગના જિલ્લાઓમાંથી અનેક લોકો અન્ય રાજ્યોમાં કામ કરે છે. તેઓ મતદાન કરવા માટે રાજ્યમાં પરત આવતા મતદાનની ટકાવારીમાં રેકોર્ડ વધારો થયો છે. આ મતદારોએ પોતાની યાત્રા પર હજારો ખર્ચ કરીને અને દૈનિક મજૂરી છોડીને મતદાન કરવા બંગાળ આવ્યા હતા. આ મતદારોને ડર છે કે, જો મતદાન નહીં કરે તો SIR પ્રક્રિયાના કારણે મતદાર યાદીમાંથી તેઓના નામ કપાઈ શકે છે.

ચૂંટણી વખતે કૂચ બિહારકા શીતલકુચીમાં CISFએ ગોળીબાર કરતા ચાર લોકોના થયા હતા, જોકે અહીં સૌથી વધુ ૯૭.૫ ટકા મતદાન થયું છે. જ્યારે SIR પ્રક્રિયા હેઠળ મુર્શિદાબાદમાંથી ૯૧,૭૧૨ નામ હટાવાયા હતા અને અહીં ૯૬.૧ ટકા મતદાન થયું છે. પશ્ચિમ બંગાળના સીઈઓ મનોજ અગ્રવાલે કહ્યું હતું કે, રાજ્યમાં અસ્તિત્વમાં ન રહેલા મતદારોના નામ હટાવ્યા બાદ કુલ મતદારોની સંખ્યા ઓછી થઈ ગઈ છે, જેના કારણે મતદાનની ટકાવારીમાં વધારો થયો છે. જોકે ચોંકાવનારી વાત એ છે કે, શુક્રવારે ચૂંટણી પંચના ડેટામાં સામે આવ્યું છે કે, મતદારોની સંખ્યામાં પણ વધારો થયો છે. કૂચ બિહારની તમામ બેઠકો પર ૯૪ ટકાથી વધુ મતદાન થયું છે, જ્યારે દક્ષિણ દિનાજપુરની છમાંથી પાંચ બેઠકો પર ૯૫ ટકા મતદાન થયું છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### રાજસ્થાન રોયલ્સ માટે ખરાબ સમાચાર

## હૈદરાબાદ સામેની મેચ દરમિયાન ઓપનર વૈભવ સૂર્યવંશી ઈજાગ્રસ્ત

### હેમસ્ટ્રિંગની સમસ્યાને કારણે છોડવું પડ્યું હતું મેદાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬ :** IPL 2026માં રાજસ્થાન રોયલ્સ માટે શાનદાર ફોર્મમાં રહેલા યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીની ફિટનેસ ટીમ માટે ચિંતાનો વિષય બની છે. શનિવારે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં સૂર્યવંશીને ફિલ્ડિંગ દરમિયાન હેમસ્ટ્રિંગની સમસ્યાને થઈ હતી. ત્યારબાદ ફિઝિયો અને સપોર્ટ સ્ટાફની મદદથી તેને મેદાનની બહાર લઈ જવામાં આવ્યો. ત્યારબાદ તે ફિલ્ડિંગ કરવા મેદાનમાં આવ્યો નહોતો.



રાજસ્થાન માટે મેચ નિરાશાજનક સાબિત થઈ, કારણ કે સૂર્યવંશીની વિસ્ફોટક સદી છતાં ટીમ ૨૨૯ રનના વિશાળ સ્કોરનો બચાવ કરવામાં નિષ્ફળ રહી અને SRH સફળતાપૂર્વક ટાર્ગેટનો પીછો કરી શક્યું. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બેટિંગ કોચ વિક્રમ રાઠોડે સૂર્યવંશીની ઈજા અંગે સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, તેને સ્નાયુમાં થોડી તકલીફ થઈ રહી હતી, પરંતુ હવે તે સ્વસ્થ દેખાય છે. તેની સારવાર ચાલી રહી છે. એક કે બે દિવસમાં સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ જશે, પરંતુ હાલ માટે ઈજા ગંભીર નથી લાગતી.

જો કે, રાજસ્થાન રોયલ્સની ચિંતા તેના શેડ્યૂલના કારણે છે. ટીમને વધુ આરામ મળ્યો નથી અને ૨૮ એપ્રિલે પંજાબ કિંગ્સ સામે એક મહત્વપૂર્ણ મેચ રમવાની છે. પરિણામે સૂર્યવંશી સમયસર સંપૂર્ણ ફિટનેસ મેળવી શકશે કે નહીં તે એક મુખ્ય પ્રશ્ન રહે છે. જો વૈભવ સૂર્યવંશી પંજાબ સામેની મેચમાં રમી શકે તેમ ના હોય તો રાજસ્થાન રોયલ્સને તેના ઓપનિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. ટીમ પાસે બે વિકલ્પો ઉપલબ્ધ છે. લુઆન-ડ્રે પ્રિટોરિયસને ઈનિંગ શરૂ કરવાની તક આપવામાં આવી શકે છે. જો કે, આવું કરવા માટે ટીમને શિમરોન હેટમાયરને બેન્ચ કરવાની જરૂર પડી શકે છે.

બીજો વિકલ્પ અમન રાવ પેરાલસ છે, જેને ડેબ્યૂ કરવાની તક મળી શકે છે. પેરાલસે આ વર્ષે વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જ્યાં તેણે બંગાળના પ્રચંડ પેસ આક્રમણ સામે માત્ર ૧૫૪ બોલમાં બેવડી સદી ફટકારી હતી. ૨૧ વર્ષીય બેટ્સમેને અત્યાર સુધીમાં ૧૧ ટી૨૦ મેચમાં ૩૦૧ રન બનાવ્યા છે, જેમાં તેણે ૩૩.૪૪ની સરેરાશ અને ૧૬૨.૭૦નો સ્ટ્રાઈક રેટ જાળવી રાખ્યો છે. તેનો સમાવેશ રાજસ્થાનને ટીમ સંતુલનની દ્રષ્ટિએ પણ ફાયદો કરાવી શકે છે. આવી સ્થિતિમાં ટીમ દાસુન શનાકાને લાવીને તેના મધ્યમ ક્રમને મજબૂત બનાવી કરી શકે છે. જો હેટમાયરનું ફોર્મ ચિંતાનું કારણ બને છે. રાજસ્થાનનો આગામી મુકાબલો પંજાબ કિંગ્સ સામે છે, જે હાલમાં ટુર્નામેન્ટમાં અજેય ટીમ છે. પંજાબે સતત છ મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. તાજેતરમાં ટીમે દિલ્હી કેપિટલ્સ સામે IPL ઈતિહાસમાં સૌથી વધુ રન ચેઝ કર્યો છે. આ સંદર્ભમાં જો સૂર્યવંશી તેની ફિટનેસ પાછી નહીં મેળવે, તો આ મેચ રાજસ્થાન રોયલ્સ માટે વધુ મુશ્કેલ પડકાર સાબિત થઈ શકે છે.

### વિરાટ કોહલીના નામે વધુ એક રેકોર્ડ

## વિરાટ કોહલી IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેન બન્યો

### કોહલીએ અત્યાર સુધીમાં ૨૭૪ મેચોમાં ૮૦૩ ચોગ્ગા ફટકાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬ :** જ્યારે પણ વિરાટ કોહલી મેદાન પર ઉતરે છે, ત્યારે તેના નિશાના પર હંમેશા કોઈને કોઈ રેકોર્ડ રહે છે. હાલમાં IPLમાં રમી રહેલા વિરાટે ચાલુ સિઝનની ૩૪મી મેચ દરમિયાન એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તે IPLના ઈતિહાસમાં ૮૦૦ ચોગ્ગા મારનાર પ્રથમ ખેલાડી બન્યો છે. IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારવાનો રેકોર્ડ હાલમાં વિરાટના નામે છે. વધુમાં આ જ ઈનિંગમાં તેણે IPL કારકિર્દીમાં ૩૦૦મો છગ્ગો ફટકાર્યો હતો.



IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેનની વાત કરીએ તો, વિરાટ કોહલી યાદીમાં ટોપ પર છે. અત્યાર સુધીમાં તેણે ૨૭૪ મેચોમાં ૮૦૩ ચોગ્ગા ફટકાર્યા છે. તેના પછી બીજા સ્થાને પૂર્વ બેટ્સમેન શિખર ધવન છે. ધવને ૨૨૨ IPL મેચોમાં ૭૬૮ ચોગ્ગા ફટકાર્યા છે. દરમિયાન ૬૬૩ ચોગ્ગા સાથે ડેવિડ વોર્નર આ યાદીમાં ત્રીજા સ્થાને છે. રોહિત શર્માનું નામ પણ આ યાદીમાં ચોથા ક્રમે છે. તેણે અત્યાર સુધી ૨૭૬ મેચમાં ૬૫૩ ચોગ્ગા ફટકાર્યા છે. ટોપ-૫માં અજિંક્ય રહાણેનો સમાવેશ થાય છે, જેણે ૨૦૫ મેચમાં ૫૨૨ ચોગ્ગા ફટકાર્યા છે.

**IPLમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેન**

વિરાટ કોહલીઃ ૮૦૩ ચોગ્ગા, શિખર ધવનઃ ૭૬૮ ચોગ્ગા, ડેવિડ વોર્નરઃ ૬૬૩ ચોગ્ગા, રોહિત શર્માઃ ૬૫૩ ચોગ્ગા, અજિંક્ય રહાણેઃ ૫૨૨ ચોગ્ગા.

ગુજરાત ટાઈટન્સ સામેની મેચ દરમિયાન છગ્ગો ફટકારીને કોહલીએ IPLમાં ૩૦૦ છગ્ગા પણ પૂરા કર્યા. આ સાથે તે આ સિદ્ધિ મેળવનાર ત્રીજો બેટ્સમેન બન્યો છે. IPLમાં સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ પૂર્વ ક્રિકેટર ક્રિસ ગેલના નામે છે, જેણે તેની કારકિર્દી દરમિયાન ૧૪૨ મેચમાં ૩૫૭ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત શર્માએ ૨૭૬ મેચમાં ૩૧૦ છગ્ગા ફટકાર્યા છે અને તે યાદીમાં બીજા ક્રમે છે. દરમિયાન વિરાટ કોહલીએ ૨૭૪ મેચોમાં ૩૦૦ છગ્ગા પૂરા કર્યા અને આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

**IPLમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન**

ક્રિસ ગેલઃ ૩૫૭ છગ્ગા, રોહિત શર્માઃ ૩૧૦ છગ્ગા, વિરાટ કોહલીઃ ૩૦૦ છગ્ગા, એમએસ ધોનીઃ ૨૬૪ છગ્ગા, એબી ડી વિલિયર્સઃ ૨૫૧ છગ્ગા.

### તાત્કાલિક લઈ જવો પડ્યો હોસ્પિટલ

## દિલ્હી કેપિટલ્સના ખેલાડીને બોલ વાગતા લોહીલુહાણ

### સાહિલ પારખને ચહેરા પર બોલ વાગવાથી ગંભીર ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬ :** દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સ ટીમ શનિવારે પંજાબ કિંગ્સ સામે ટકરાવાની છે. જેને લઈને ટીમ પ્રેક્ટિસ કરી રહી હતી. ત્યારે ટીમના યુવા ખેલાડી સાહિલ પારખને ચહેરા પર બોલ વાગવાથી ગંભીર ઈજા થઈ હતી. આ ઈજા એટલી ગંભીર હતી કે તાત્કાલિક મેદાનમાં એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

આ ઘટના શુક્રવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં બની હતી, જ્યારે દિલ્હી કેપિટલ્સની ટીમ તેમની આગામી મેચ પહેલા પ્રેક્ટિસ સેશન કરી રહી હતી. જ્યારે ૧૮ વર્ષીય સાહિલ પારખ બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે એક બોલ તેના ચહેરા પર સીધો વાગ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અહેવાલો અનુસાર, બોલ તેના હેલ્મેટ પર એટલા જોરથી વાગ્યો કે તેના ચહેરા પરથી લોહી વહેવા લાગ્યું હતું. પ્રેક્ટિસ સેશન અટકાવી દેવામાં આવ્યું હતું અને તબીબી સ્ટાફે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી, ત્યારબાદ ખેલાડીને વિશેષ સારવાર માટે એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનાએ દિલ્હી કેપિટલ્સ માટે આ સિઝનમાં વધતી જતી ઈજાની ચિંતાઓમાં વધારો કર્યો છે. મેડિકલ તપાસ બાદ જ ખબર પડશે કે સાહિલ પારખની ઈજા કેટલી ગંભીર છે, ત્યાર બાદ ટીમ મેનેજમેન્ટ વિગતવાર માહિતી આપશે તેવી શક્યતા છે.

### બંગાળમાં વડાપ્રધાન મોદીના TMC પર પ્રહાર

# મમતા સરકારે માતાઓને રડાવી અને ગૂંડાઓનો સાથ આપ્યો : નરેન્દ્ર મોદી

### ભાજપ સરકાર બનશે તો મહિલાઓને ૫ લાખ રૂપિયા સુધીનું મફત ઈલાજ મળશે : જન ઔષધિ કેન્દ્રો પર ૮૦ ટકા સુધી સસ્તી દવાઓ મળશે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૬**

પશ્ચિમ બંગાળના બોંગાંવમાં રવિવારે (૨૬ એપ્રિલ) યોજાયેલી વિજય સંકલ્પ સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તૃણમૂલ કોંગ્રેસ (TMC) પર આકરા પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, TMCની નિર્મમતાએ બંગાળની ઓળખ (મા, માટી અને માનુષ)ને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ૧૫ વર્ષ પહેલા TMC 'મા-માટી-માનુષ'ના નારા સાથે સત્તામાં આવી હતી, પણ આજે તેમના મોઢેથી આ શબ્દો પણ નીકળતા નથી. જો તેઓ તેનો ઉલ્લેખ કરશે તો તેમના પાપ બહાર આવી જશે. TMCની નિર્મમતા એ માતાઓને રડાવી, માટીને માફિયાઓ અને ઘુસણખોરોને સોંપી દીધી અને માનુષને સ્થળાંતર માટે મજબૂર કરી દીધા છે.

પીએમ મોદીએ કહ્યું કે, બંગાળ પાસે અગણિત શક્યતાઓ છે અને આ રાજ્ય ફરીથી દેશનું નંબર ૧ રાજ્ય બની શકે છે. પીએમ મોદીએ નેતાજી સુભાષચંદ્ર બોઝને યાદ કરતાં કહ્યું કે, નેતાજીએ કહ્યું હતું, 'તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ.' આજે બંગાળને તમારા એક મતની જરૂર છે. તમે અમને તમારો મત આપો, અમે તમને TMCથી મુક્તિ અપાવશું.

પીએમ મોદીએ પહેલા તબક્કાના મતદાનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જનતાએ પહેલા તબક્કામાં જ TMCના અહંકારને તોડી નાખ્યો છે અને બીજા તબક્કામાં ભાજપની મોટી જીત નિશ્ચિત છે. મહિલાઓની સુરક્ષા અંગે પીએમ મોદીએ TMC સરકાર પર ગંભીર આરોપ મૂક્યા. તેમણે કહ્યું, "TMCના મહા જંગલરાજની સૌથી મોટી પીડિત અમારી બહેનો અને દીકરીઓ છે. સંદેશખાલીમાં બહેનો સાથે અન્યાય થયો, પણ સરકાર ગુંડાઓની સાથે રહી. દીકરીઓ ગુમ થઈ રહી છે અને સરકાર સૂઈ રહી છે." તેમણે જનતાને અપીલ કરી કે આવી ઘટનાઓ ક્યારેય ભૂલવી નહીં જોઈએ અને ૪ મે પછી ભાજપ સરકાર બનશે ત્યારે દોષિતો સામે કડક કાર્યવાહી થશે. સભામાં પીએમ મોદીએ મહિલાઓ માટે અનેક વચનો આપ્યા.



તેમણે કહ્યું કે, ભાજપ સરકાર બનશે તો મહિલાઓને ૫ લાખ રૂપિયા સુધીનું મફત ઈલાજ મળશે. જન ઔષધિ કેન્દ્રો પર ૮૦ ટકા સુધી સસ્તી દવાઓ મળશે. બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સરની તપાસ અને રસીકરણ મફત રહેશે. ગર્ભાવસ્થામાં ૨૧,૦૦૦ રૂપિયાની સહાય અને દીકરીઓની ગ્રેજ્યુએશન માટે ૫૦,૦૦૦ રૂપિયાની મદદ મળશે.

પીએમ મોદીએ કહ્યું કે, દીકરીઓની અભ્યાસ અને દવાઓની સંપૂર્ણ જવાબદારી ભાજપ સરકાર લેશે. ઉપરાંત, પીએમ મોદીએ દર વર્ષે ૩૬,૦૦૦ રૂપિયા સીધા મહિલાઓના ખાતામાં જમા કરાવવાનો, આંગણવાડી અને મહિલા હેલ્થ વર્કર્સના પગારમાં સુધારો કરવાનો અને સરકારી નોકરીઓમાં દીકરીઓને ૩૩ ટકા આરક્ષણ આપવાનો પણ વચન આપ્યો હતો.

### બંગાળમાં હાઈવૉલ્ટેજ ડ્રામા!

## માત્ર ૧૦૦ મીટરના અંતરે TMC અને BJPની રેલી, મમતા બેનરજી ભાષણ છોડી સ્ટેજ પરથી ઉતર્યા

### મમતા બેનર્જી અને ભાજપના નેતા શુભેન્દુ અધિકારીની રેલીઓ યોજાતા બંને પક્ષના કાર્યકરો સામસામે આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૬**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે ભવાનીપુરમાં શનિવારે ભારે તણાવ જોવા મળ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સુપ્રીમો મમતા બેનર્જી અને ભાજપના નેતા શુભેન્દુ અધિકારીની રેલીઓ માત્ર ૧૦૦ મીટરના અંતરે યોજાતા બંને પક્ષના કાર્યકરો સામસામે આવી ગયા હતા. પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી હતી કે સુરક્ષા દળોએ હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

મુખ્યમંત્રી મમતા બેનર્જી જ્યારે જનસભાને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેમણે ભાજપ પર તેમની સભામાં ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

મમતાએ કહ્યું કે, નજીકમાં યોજાઈ રહેલી શુભેન્દુ અધિકારીની રેલીમાં મોટા અવાજે લાઉડસ્પીકર વગાડીને જાણીજોઈને અડચણ ઊભી કરવામાં આવી રહી છે. આ વિક્ષેપથી નારાજ થઈને મમતા બેનર્જીએ અધવચ્ચે જ પોતાનું ભાષણ રોકી દીધું હતું અને ભીડની માફી માંગીને ત્યાંથી રવાના થઈ ગયા હતા.

મમતા બેનર્જીના ગયા બાદ ગુસ્સે ભરાયેલા TMC કાર્યકરોએ ભાજપની રેલી તરફ કૂચ કરી હતી. બંને તરફથી ઉગ્ર સૂત્રોચ્ચાર શરૂ થયા હતા અને જોતજોતામાં વાત ઝપાઝપી સુધી પહોંચી ગઈ હતી. સુરક્ષા જવાનોએ તાત્કાલિક મોરચો સંભાળીને સ્થિતિને કાબૂમાં લીધી હતી.

શુભેન્દુ અધિકારીએ આ અંધાધૂંધી માટે મમતા બેનર્જીને જવાબદાર ઠેરવતા કહ્યું કે, ભાજપ આ ગુંડારાજનો જડબાતોડ જવાબ આપશે. બીજી તરફ, ભાજપ નેતા અમિત માલવિયાએ આ ઘટનાનો વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો કે હારના ડરથી મમતા બેનર્જી પોતાનો સંયમ ગુમાવી રહ્યા છે.

ભવાનીપુર મમતા બેનર્જીનો ગઢ માનવામાં આવે છે, જ્યાંથી તેઓ ૨૦૧૧થી સતત ત્રણ વખત જીત્યા છે. પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલે ૧૫૨ બેઠકો પર પૂર્ણ થયું છે. હવે ૨૯ એપ્રિલે ભવાનીપુર સહિત ૧૪૧ બેઠકો પર મતદાન થશે, જ્યારે મતોની ગણતરી ૪ મેના રોજ હાથ ધરવામાં આવશે.

## પંજાબ સરકારે હરભજનની Z+ સિક્યુરિટી હટાવતા ગૃહ મંત્રાલયે આપી CRPF સુરક્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬**

પંજાબના રાજકારણમાં પક્ષપલટા બાદ હવે સુરક્ષાને લઈને નવો વિવાદ છેડાયો છે. પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહના ઘરની બહાર થયેલા વિરોધપ્રદર્શન અને પંજાબ સરકાર દ્વારા સુરક્ષા હટાવ્યાના ગણતરીના કલાકોમાં જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટું પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારે હરભજન સિંહ સહિત ભાજપમાં જોડાયેલા તમામ ૭ સાંસદોને CRPFની સુરક્ષા પૂરી પાડી છે.

ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, હરભજન સિંહ ઉપરાંત સંદીપ પાઠક, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ, રાજેન્દ્ર ગુપ્તા અને વિક્રમજીત સાહનીને હવે કેન્દ્રીય સુરક્ષા દળોનું રક્ષણ મળશે. આ નેતાઓ હવે દિલ્હી અને પંજાબ બંને જગ્યાએ CRPF કમાન્ડોના સુરક્ષા ઘેરામાં રહેશે. પંજાબમાં તેમના નિવાસસ્થાનોની બહાર વધી રહેલા રોષ અને હુમલાની આશંકાને જોતા કેન્દ્રએ આ નિર્ણય લીધો છે.

આ પહેલા રવિવારે સવારે જ મુખ્યમંત્રી ભગવંત માનની સરકારે હરભજન સિંહની Z+ કેટેગરીની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી. જલંધર સ્થિત તેમના નિવાસસ્થાનેથી ૯-૧૦ સુરક્ષાકર્મીઓ અને સરકારી ગાડીઓ હટાવી દેવામાં આવી હતી. હરભજનના પીએ (PA) મનદીપ સિંહે આ વાતની પુષ્ટિ કરી હતી.

શનિવારે હરભજન સિંહના ઘરની બહાર દેખાવકારોએ કાળા સ્પ્રેથી 'પંજાબનો ગદ્દાર' લખી નાખ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં દેખાવકારો જ્યારે દીવાલ પર લખી રહ્યા હતા ત્યારે પંજાબ પોલીસ ત્યાં હાજર હોવા છતાં મૂકપ્રેક્ષક બની રહી હતી. CM ભગવંત માને આ નેતાઓને જાહેરમાં ગદ્દાર ગણાવ્યા છે, જેના કારણે કાર્યકરોમાં ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે. રાઘવ ચઢ્ઢાએ અગાઉ દાવો કર્યો હતો કે, આપના ૭ સાંસદો ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ પક્ષપલટા બાદ પંજાબમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે, જેના કારણે હવે કેન્દ્રએ સુરક્ષાની કમાન પોતાના હાથમાં લેવી પડી છે.

## અદાણી ગ્રીન એનર્જીએ આજસુધીમાં સૌથી વધુ વાર્ષિક ૫.૧ ગીગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરી મુખ્ય એબિડટા વાર્ષિક ૨૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૦,૮૬૫ કરોડ નોંધાવ્યો

### વાર્ષિક ધોરણે કાર્યકારી ક્ષમતા ૩૫ ટકા વધીને ૧૯.૩ ગીગાવોટ થઇ, જે ભારતની સૌથી મોટી ક્ષમતા બની

**નાણાંકીય વર્ષ-૨૫માં ૩.૩ ગીગાવોટની તુલનાએ ૫.૧ ગીગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતાનો ઉમેરો ૧.૫ ગણી વૃદ્ધિ દર્શાવે છે, ૮૭.૩ના ઉચ્ચતમ સ્કોર સાથે સિક્યોર્ડ કેરએજ ESG 1+ રેટિંગ જાપાન ક્રેડિટ રેટિંગ એજન્સી (JCR) દ્વારા કંપનીને ભારતના સોવરિન ક્રેડિટ રેટિંગની સમકક્ષ JCR BBB+/Stable નું પ્રારંભિક રેટિંગ અપાયું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૨૬**

ભારતની સૌથી મોટી અને નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રમાં સૌથી ઝડપથી વિકસતી અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL)એ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા સમયગાળાના જાહેર કરેલા નાણાંકીય પરિણામો મજબૂત વૃદ્ધિ અને શ્રેષ્ઠ કાર્યકારી ક્ષમતા દર્શાવે છે.

અહેવાલના સમય ગાળામાં વાર્ષિક ધોરણે ઊર્જા વેચાણ ૩૪ ટકા વધીને ૩૭,૫૬૭ મિલિયન યુનિટ થયું હતું. પરિણામે વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે આવક ૨૨ટકા વધીને રૂ.૧૧,૬૦૨ કરોડ થઇ છે. વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે એબિડટા ૨૩ ટકા વધીને રૂ.૧૦,૮૬૫ કરોડ નોંધાવ્યો છે. જ્યારે ઉદ્યોગ અગ્રણી એબિડટા માર્જિન ૯૧ટકા હાંસલ કર્યો છે.આ ગાળામાં વાર્ષિક ધોરણે રોકડ નફો ૧૧ટકા વધીને રૂ. ૫,૩૯૯ કરોડ થયો છે.

નાણાકીય વર્ષ-૨૬ના આખરી ત્રિમાસિક અને સમગ્ર વર્ષના અગાઉના સમાન ગાળાના તુલનાત્મક નાણાકીય પ્રદર્શન અનુસાર વીજ પુરવઠામાંથી આવક નાણા વર્ષ-૨૫ના આખરી ત્રિમાસીમાં રૂ.૩,૦૯૪ કરોડની સામે વર્ષ-૨૬ના સરખા સમયમાં ૧૬ટકાના વધારા સાથે રૂ.૨,૬૬૬ કરોડ થઇ હતી. જ્યારે વર્ષ-૨૫ના સમગ્ર વર્ષમાં રૂ.૯,૪૯૫ કરોડની સામે હમણાં જ પુરા થયેલાં નાણાંકીય વર્ષમાં વીજ પુરવઠામાંથી આવક ૨૨ટકા વધીને રૂ.૧૧,૬૦૨ કરોડ થઇ છે.

ગત નાણાંકીય વર્ષ-૨૫ના અંતિમ ત્રિમાસીમાં વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે એબિડટા રૂ.૨,૪૫૩ કરોડ સામે નાણા વર્ષ-૨૬ના સરખા ગાળામાં એબિડટા ૨૦ ટકા વધીને રૂ.૨,૯૪૪ કરોડ હાંસલ થયો છે. નાણા વર્ષ-૨૫ના સમગ્ર વર્ષમાં રૂ.૮,૮૧૮ કરોડની તુલનાએ તાજેતરમાં પૂરા થયેલાં નાણાકીય વર્ષમાં ૨૩ટકાના વધારા સાથે રૂ.૧૦,૮૬૫ કરોડ નોંધાયો છે. ટકાવારીની દૃષ્ટીએ નાણાકીય વર્ષ-૨૫ અને નાણાકીય વર્ષ-૨૬માં વીજ પુરવઠામાંથી એબિડટા અનુક્રમે આખરી ત્રિમાસી અને સમગ્ર વર્ષમાં સરખો ૯૧ટકા નોંધાયો છે.

રોકડ નફો જે નાણાકીય વર્ષ-૨૫ના અંતિમ ત્રિમાસીમાં રૂ.૧,૨૩૧ કરોડની સામે વર્ષ-૨૬ના સમાન ગાળામાં ૨૧ટકા વધી રૂ.૧,૪૯૪ કરોડ થયો છે. સમગ્ર નાણાકીય વર્ષ-૨૫માં રૂ.૪,૮૭૧ કરોડના નફા સામે નાણાકીય વર્ષ-૨૬માં ૧૧ટકાના વધારા સાથે નફો રૂ.૫,૩૯૯ કરોડ થયો છે.

અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સાગર અદાણીએ અદાણી ગ્રીનના ઈતિહાસમાં નાણાકીય વર્ષ ૨૬ને એક સીમાચિહ્ન સમાન વર્ષ તરીકે ગણાવતા કહ્યું હતું કે મજબૂત પ્રકલ્પ અને કામકાજની શ્રેષ્ઠતાના આધારે અદાણી ગ્રીનએ ૫.૧ ગીગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરવા સાથે કામકાજની કુલ ક્ષમતા ૧૯.૩ ગીગાવોટે પહોંચી છે. તેમણે કહ્યું હતું કે, આ સીમાચિહ્ન ચીન બહારની કોઈપણ કંપની દ્વારા વૈશ્વિક સ્તરે સૌથી વધુ ગ્રીનફિલ્ડ વાર્ષિક ક્ષમતા વિસ્તરણ છે. આ ઉપલબ્ધિએ ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં નેતૃત્વની અમારી સ્થિતિને મજબૂત બનાવવા સાથે કંપનીને અમલવારીની શ્રેષ્ઠતાની એક વિશિષ્ટ ભ્રમણકક્ષામાં પણ મૂકે છે.



શ્રી સાગર અદાણીએ ઉમેર્યુ હતું કે કચ્છના ખાવડાનો વિશ્વનો સૌથી મોટો અમારો મુખ્ય નવીનીકરણીય ઊર્જા પ્રકલ્પ નોંધપાત્ર રીતે પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. બેટરી સ્ટોરેજના ક્ષેત્રમાં નાણાકીય વર્ષ-૨૬માં અમે ૧.૪ GWh ક્ષમતા સ્થાપિત કરી છે, જે વિશ્વના સૌથી મોટા સિંગલ-લોકેશન BESS તૈનાતીમાંની એક અમારા કરાર મિશ્રણને પૂરક બનાવશે એટલું જ નહીં પરંતુ આ કંપનીને સ્થિતિસ્થાપક અને ભવિષ્ય માટે તૈયાર ઊર્જા ઇકોસિસ્ટમ બનાવવાની નજીક લાવશે. તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશમાં અમારો પમ્પ્ડ હાઇડ્રો સ્ટોરેજ પ્રોજેક્ટ પણ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે અદાણી ગ્રીન એનર્જીનો ૧૯,૨૯૪ મેગાવોટનો ઓપરેશનલ પોર્ટફોલિયો ૮૭ લાખથી વધુ ઘરોને વીજળી આપશે અને વાર્ષિક લગભગ ૩૬ મિલિયન ટન CO2e ઉત્સર્જનને ટાળશે. અમારા ESG પ્રયાસોને મળી રહેલી સતત માન્યતા ટકાઉ વિકાસ અને ભારતના ઊર્જા સંક્રમણને વેગ આપવાની અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટી કરે છે.

નાણાકીય વર્ષ ૨૬માં અદાણી ગ્રીને ૫,૦૫૧ મેગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરી છે, જે નાણાંકીય વર્ષ ૨૫માં થયેલા ક્ષમતા વધારા કરતા દોઢ ગણી છે. ૫,૦૫૧ મેગાવોટના ગ્રીનફિલ્ડ ઉમેરણમાં ૩,૪૧૨ મેગાવોટ સૌર ક્ષમતા (ગુજરાતના ખાવડામાં ૨,૯૭૪ મેગાવોટ, રાજસ્થાનમાં ૪૩૮ મેગાવોટ),ખાવડામાં ૬૮૩ મેગાવોટ પવન ઉર્જા ક્ષમતા અને ખાવડામાં ૯૫૬ મેગાવોટ સૌર-પવન હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે.

# ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમમાં અંધાધૂંધ ગોળીબાર, સિક્રેટ સર્વિસે બચાવ્યો જીવ

## ફાયરિંગ બાદ ટેબલ નીચે છુપાયા મહેમાનો



## સુરક્ષા દળોએ તાત્કાલિક અસરથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિને બહાર કાઢ્યા હતાઃ હુમલાખોરને ઠાર મરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૬**

અમેરિકાના વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ પર ફાયરિંગની ઘટના બની છે. ડિનર દરમિયાન વ્હાઈટ હાઉસમાં ફાયરિંગની ઘટના બનતા ખળભળાટ મચી ગયો હતો. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ હોટેલ હિલ્ટનમાં હાજર હતા ત્યારે જ ફાયરિંગ થયું હતું. આવામાં સુરક્ષા દળોએ તાત્કાલિક અસરથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિને બહાર કાઢ્યા હતા. હુમલા બાદ હુમલાખોરને ઠાર મરાયો હોવાની માહિતી મળી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટ્વીટ કરીને માહિતી આપી.

અંધાધૂંધ ફાયરિંગ બાદ સિક્રેટ સર્વિસના નિર્દેશ પર કાર્યક્રમમાં હાજર મહેમાનોને ટેબલ નીચે જવા માટે કહેવામાં આવ્યું. ભારે હથિયારોથી સજ્જ સુરક્ષાકર્મીઓ તરત જ સ્ટેજ પર પહોંચી ગયા અને સમગ્ર કાર્યક્રમ સ્થળને સુરક્ષિત કર્યું. ઘટના બાદ ઘણા લોકો બહાર નીકળતા જોવા મળ્યા. વોશિંગ્ટનની હિલ્ટન હોટલમાં થયેલા ફાયરિંગની ઘટનાથી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા પર મોટા સવાલ ઉભા થયા છે. હોટલમાં ટ્રમ્પની સાથે તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ તથા તેમના પત્ની પણ હાજર હતા. ફાયરિંગ બાદ તાત્કાલિક અસરથી સુરક્ષા કર્મીઓએ ટ્રમ્પની ટેબલ નીચે છુપાડી દીધા હતા, અને ત્યાંથી સલામત સ્થળે ખસેડ્યા હતા.

હકીકતમાં, હિલ્ટન હોટલમાં વ્હાઈટ હાઉસનું કોરસ્પોન્ડન્ટ્સ ડિનરનું આયોજન કરાયું હતું. આ દરમિયાન હોટલમાં ૨૬૦૦ થી વધુ લોકો હાજર હતા. હોટલના કેટલાક વીડિયો સામે આવ્યા છે. જેમાં, ફાયરિંગનો અવાજ સાંભળવા મળે છે. આ ઘટના બાદ હોટલમાં અફરાતફરી મચી ગઈ હતી. હુમલાખોરને પકડી લેવાયો હતો.

ફાયરિંગનો અવાજ ડિનર હોલના એકદમ ઉપરના રૂમમાંથી આવી હતી. વીડિયોમાં જોવા મળ્યું કે, મેલાનિયા ટ્રમ્પ ભીડમાં કંઈક જોઈને ચોંકી ગયા હતા. જેમ ફાયરિંગ થયાનો અવાજ આવ્યો, હોલમાં હાજર લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. અનેક લોકો પોતાનો જીવ બચાવવા માટે ટેબલ નીચે છુપાઈ ગયા હતા. હોટલના કર્મચારી અને વેઈટર્સ બહાર તરફ ભાગતા નજર આવ્યા હતા.

વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ એસોસિયેશન દ્વારા દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં પત્રકારો, દિગ્ગજ રાજકારણીઓ અને હોલીવુડની હસ્તીઓ ભાગ લે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રેસની સ્વતંત્રતાની ઉજવણી અને પત્રકારત્વ માટે શિષ્યવૃત્તિ એકત્ર કરવાનો હોય છે. હાલમાં સિક્રેટ સર્વિસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ધરપકડ કરાયેલા શંકાસ્પદની પૂછપરછ કરવામાં આવી રહી છે અને હોટેલ પરિસરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

### નિવૃત્તિ જાહેર કરવા છતાં બૅન લાગ્યો

# કોકેઈનનું સેવન કર્યા બાદ ડ્રગ્સ ટેસ્ટમાં ફસાયો ન્યૂઝીલેન્ડનો ક્રિકેટર

**ન્યુઝીલેન્ડના પૂર્વ ઓલરાઉન્ડર ડગ બ્રેસવેલ (Doug Bracewell) ફરી એકવાર વિવાદમાં ફસાયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**લંડન, તા.૨૬**

ન્યુઝીલેન્ડના પૂર્વ ઓલરાઉન્ડર ડગ બ્રેસવેલ (Doug Bracewell) ફરી એકવાર વિવાદમાં ફસાયો છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા રુટીન ડ્રગ ટેસ્ટમાં ફેલ થયા બાદ હવે તેના પર બે વર્ષનો બૅન લગાવી દેવામાં આવ્યો છે. આ સસ્પેન્શન ૨૪ નવેમ્બર, ૨૦૨૫થી અમલમાં માનવામાં આવે છે અને ૨૩ નવેમ્બર, ૨૦૨૭ સુધી ચાલુ રહેશે.

બ્રેસવેલે ડિસેમ્બર ૨૦૨૫માં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી, પરંતુ તે પહેલા જ તેનો કેસ સામે આવી ચૂક્યો હતો. તેણે ચેમ્સફોર્ડમાં એસેક્સ અને સમરસેટ વચ્ચે રમાયેલી એસેક્સ માટે કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચ દરમિયાન કોકેઈનનું સેવન કર્યું હોવાની કબૂલાત કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બ્રેસવેલે પ્રથમ દિવસની રમત પછી અને બીજા દિવસની રમતના થોડા કલાકો પહેલા પ્રતિબંધિત પદાર્થનું સેવન કર્યું હતું. આમ છતાં તેણે મેચમાં ભાગ લીધો હતો. પ્રથમ ઈનિંગમાં બે વિકેટ લીધી, બેટિંગમાં ૧૮ બોલ સુધી ખાતું નહોતો ખોલી શક્યો અને બીજી ઈનિંગમાં એક વિકેટ ઝડપી. આ મેચમાં એસેક્સે ૭ વિકેટથી જીત હાંસલ કરી હતી.

ઈંગ્લેન્ડના ક્રિકેટ નિયમનકારે આ બાબતને ગંભીરતાથી લીધી અને બ્રેસવેલ પર બે વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો છે. એસેક્સે પણ એક સત્તાવાર નિવેદન જારી કરીને કહ્યું કે, ક્લબ આ નિર્ણયને સમર્થન કરે છે.

ક્લબે સ્પષ્ટ કર્યું કે, તમામ ખેલાડીઓ પાસેથી પ્રોફેશનલ આચરણના ઉચ્ચતમ ધોરણોની અપેક્ષા રાખવામાં આવે છે, જોકે તેઓએ એમ પણ કહ્યું કે, 'અમે બ્રેસવેલને રિહેબિલિટેશનમાં સપોર્ટ કરીશું.'

બ્રેસવેલનો આ પહેલો વિવાદ નથી. આ પહેલા પણ તેનો રેકોર્ડ વિવાદોથી ભરેલો રહ્યો છે. ૨૦૧૪માં તેણે ન્યુઝીલેન્ડની T20 ઈવેન્ટ સુપર સ્મેશ દરમિયાન કોકેઈન ટેસ્ટમાં ફેલ થવા બદલ એક મહિનાનો પ્રતિબંધ ભોગવી ચૂક્યો છે. તેને ૨૦૧૭માં ડ્રિંક એન્ડ ડ્રાઈવ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને ત્યાં તેને ૧૦૦ કલાકની કમ્યુનિટી સર્વિસની સજા મળી હતી. તે સમયે તેની કારમાં દારૂનું પ્રમાણ માન્ય મર્યાદા કરતા ત્રણ ગણું હતું.

૨૦૧૨માં નેપિયર બારમાં ઝઘડાના કારણે તેને એક મેચનો પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે તેની સાથે જેસી રાયડર પણ હાજર હતો.

બ્રેસવેલનું કરિયર જ્યાં મેદાન પરના પ્રદર્શન માટે યાદ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ મેદાનની ઓફ-ફીલ્ડ વિવાદોએ પણ તેને સતત હેડલાઈન્સમાં રાખ્યો છે. હવે આ નવો પ્રતિબંધ તેના કરિયરના અંત પર વધુ એક મોટો ડાઘ બનીને સામે આવ્યો છે.

### અરબી સમુદ્રમાં અમેરિકાની મોટી કાર્યવાહી

# ઈરાનની નાકાબંધી તોડવાનો પ્રયાસ કરતું જહાજ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તહેરાન, તા.૨૬**



યુએસ સેન્ટ્રલ કમાન્ડે શનિવારે (૨૫મી એપ્રિલ) અરબી સમુદ્રમાં એક મહત્ત્વપૂર્ણ ઓપરેશન પાર પાડીને ઈરાન પર લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા વેપારી જહાજ સેવાનને અટકાવ્યું છે. આ જહાજ ઈરાની ઓઈલ અને ગેસ ઉત્પાદનોને ગેરકાયદે રીતે વિદેશી બજારોમાં પહોંચાડતા શેડો ફ્લીટનો ભાગ હોવાનું અમેરિકી સેનાએ જણાવ્યું છે.

અમેરિકી સુરક્ષા એજન્સીઓના મતે શેડો ફ્લીટએ ૧૯ જહાજોનો એવો સમૂહ છે જે ઈરાન પરના આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હોવા છતાં વિશ્વના અન્ય દેશોમાં ઓઈલ અને ગેસનું પરિવહન કરે છે. આ જહાજો અબજો ડોલરના મૂલ્યના ઓઈલ, ગેસ, પ્રોપેન અને બ્યુટેન જેવા ઉત્પાદનો ઈરાનથી બહાર લઈ જાય છે. ઈરાન આ જહાજોનો ઉપયોગ અમેરિકી પ્રતિબંધોથી બચવા અને પોતાની અર્થવ્યવસ્થાને મજબૂત રાખવા માટે કરે છે. અમેરિકાએ આ તમામ ૧૯ જહાજો પર કડક પ્રતિબંધો લાદેલા છે.


આ કાર્યવાહી યુએસ નૌકાદળના માર્ગદર્શિત-મિસાઈલ વિનાશક યુએસએસ પિંકની દ્વારા હાથ ધરવામાં આવી હતી. વિનાશક જહાજના હેલિકોપ્ટરે અરબી સમુદ્રમાં સેવાન જહાજને અટકાવી તેને યુએસ લશ્કરી સૂચનાઓનું પાલન કરવા આદેશ આપ્યો હતો. જહાજના કેપ્ટન અને ક્રૂ મેમ્બરોએ આત્મસમર્પણ કરી અમેરિકી સૂચનાઓનું પાલન કરવાનું સ્વીકાર્યું છે. હાલમાં આ જહાજ યુએસ નેવીના કડક સુરક્ષા કવચ હેઠળ ઈરાન પરત ફરી રહ્યું છે.


અમેરિકાએ ઈરાની ઓઈલ અને ગેસની નિકાસ સંપૂર્ણપણે અટકાવવા માટે દરિયાઈ નાકાબંધી લાદી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના અહેવાલ અનુસાર, નાકાબંધી શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૭ જહાજોને અટકાવીને રીડાયરેક્ટ કરવામાં આવ્યા છે. અટકાવવામાં આવેલા તમામ જહાજો શેડો ફ્લીટનો હિસ્સો હતા અને પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા.




### કરણ જોહરે અનન્યાને ફરી ચાન્સ આપ્યો

# કાર્તિકની નાગઝિલ્લામાં અનન્યા પાંડે હિરોઈન હોવાની ચર્ચા



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કાર્તિક આર્યનની 'નાગઝિલ્લા'માં હિરોઈન કોણ હશે તે હજુ સુધી સત્તાવાર રીતે જાહેર થયું નથી. પરંતુ, એક દાવા અનુસાર કરણ જોહરે પોતાની ફેવરિટ અનન્યાને જ આ ફિલ્મમાં ફરી ચાન્સ આપ્યો છે. જોકે, આ ચર્ચાથી કાર્તિકના ચાહક નેટ યૂઝર્સ પણ નારાજ થઈ ગયા છે.

હજુ તાજેતરમાં જ કાર્તિક અને અનન્યાની 'તુ મેરી મૈ તેરા, મૈ તેરા તુ મેરી' રીલિઝ થઈ હતી અને તે બોક્સ ઓફિસ પર સદંતર ફલોપ થઈ હતી.

ચાહકોએ લખ્યું હતું કે, કાર્તિકે અનન્યા સાથે કોઈપણ ફિલ્મ નહિ કરવાની પ્રતિજ્ઞાા લઈ લેવી જોઈએ. બીજી તરફ કાર્તિકની વધુ એક ફિલ્મ કેપ્ટન ઈન્ડિયા આગામી વર્ષે ઓગસ્ટમાં રીલિઝ કરવાનું નક્કી થયું હોવાનું કહેવાય છે.

### બંનેને બોલીવૂડમાં લાઈફલાઈનની તાતી જરૂર

## બે ફલોપ નેપોકિડ ટાઈગર અને શનાયા એક ફિલ્મમાં સાથે આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બે ફલોપ સ્ટાર કિડ ટાઈગર શ્રોફ તથા શનાયા કપૂર એક ફિલ્મમાં સાથે આવવાનાં છે. ફિરોઝ નડિયાદવાળા આ બંનેને સાથે લઈને એક કોમેડી ફિલ્મ બનાવી રહ્યો છે. અહમદ ખાનને આ ફિલ્મનું દિગ્દર્શન સોંપાયું છે. આ ફિલ્મનું કોઈ ટાઈટલ હજુ સુધી નક્કી થયું નથી. ટાઈગર શ્રોફ અત્યાર સુધીમાં એક જ પ્રકારનાં બીબાંઢાળ એક્શન રોલ કરતો રહ્યો છે. તે પહેલીવાર સંપૂર્ણ કોમેડી ફિલ્મમાં નસીબ અજમાવશે. બીજી તરફ શનાયા કપૂરે હજુ કોઈપણ પ્રકારનાં જોનરમાં પોતાની પ્રતિભા પુરવાર કરવાની હજુ બાકી છે. આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરુ થવાની ધારણા છે.

## ગોલ્ડ સ્મગલિંગ કેસમાં પકડાયેલી કન્નડ અભિનેત્રી એક વર્ષ બાદ જેલમુક્ત થશે



(સંપૂર્ણ સમાચાર સેવા) **બેંગલુરૂ**

ગોલ્ડ સ્મગલિંગ કેસમાં ધરપકડ કરાયેલી કન્નડ ફિલ્મ અભિનેત્રી રાન્યા રાવ ઉર્ફે હર્ષવર્ધિની રાવ એક વર્ષ બાદ બેંગલુ સેન્ટ્રલ જેલમાંથી બહાર આવશે. DRI(ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ)ના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેની અટકાયતની મુદત 22 એપ્રિલના રોજ પૂર્ણ થતા હવે તેની જેલમુક્તિનો માર્ગ મોકળો થયો છે. ઉલ્લેખનીય છે કે રાન્યા રાવ સસ્પેન્ડેડ DGP રેન્કના પોલીસ અધિકારી રામચંદ્ર રાવની સાવકી દીકરી છે.

માર્ચ 2025માં દુબઈથી બેંગલુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરેલી રાન્યા રાવને DRI એ બાતમીના આધારે ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી વિશેષ રીતે તૈયાર કરેલા બોડી જેકેટમાં છુપાવેલું 14.213 કિલો સોનું મળી આવ્યું હતું, જેની કિંમત આશરે 12.56 કરોડ રૂપિયા હતી.ત્યારબાદ તેના નિવાસસ્થાને દરોડા પાડતા 2 કરોડથી વધુની રોકડ અને જ્વેલરી પણ મળી આવી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે તેણે અત્યાર સુધીમાં કુલ 102 કરોડ રૂપિયાની કિંમતના સોનાની દાણચોરી કરી હતી.

### નયનતારા સાથેની ફિલ્મ ઈદ વખતે રીલિઝ કરાશે

# હિટ ફિલ્મ ખાતર સલમાન ફરી ઈદ વખતે નસીબ અજમાવશે



**ફિલ્મ સાઉથના ડિરેક્ટર વામશી પેડિપલ્લી ડિરેક્ટ કરી રહ્યા છે. ફિલ્મનું શૂટિંગ હજુ તાજેતરમાં જ શરૂ કરાયું**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

છેલ્લાં કેટલાંય વર્ષોથી કોઈ મોટી હિટ ફિલ્મ નહિ આપી શકેલો સલમાન ખાન આવતાં વર્ષે ફરી ઈદ વખતે નસીબ અજમાવશે. તેની નયનતારા સાથેની આગામી ફિલ્મ ઈદ વખતે રીલિઝ કરવાની જાહેરાત થઈ છે. વર્ષો અગાઉ સલમાનની ફિલ્મ ઈદ વખતે રીલિઝ થાય એટલે હિટ જ થાય તેમ મનાતું હતું. પરંતુ, તાજેતરનાં વર્ષોમાં આ માન્યતા પણ ખોટી સાબિત થઈ છે. સલમાન છેલ્લાં કેટલાંય વર્ષોથી સાવ બેકાર સ્ક્રિપ્ટ પસંદ કરી રહ્યો છે અને તેની એક્ટિંગમાં પણ કોઈ ભલીવાર હોતો નથી. તે આમિર જેમ પ્રયોગો કરતો નથી કે શાહરુખ જેમ એક્શન સ્ટાર તરીકે પુનરાગમનમાં નિષ્ફળ ગયો છે એટલે અનુકૂળ રીલિઝ ડેટનાં ગતકડાં અપનાવી રહ્યો છે. આ ફિલ્મ સાઉથના ડિરેક્ટર વામશી પેડિપલ્લી ડિરેક્ટ કરી રહ્યા છે. ફિલ્મનું શૂટિંગ હજુ તાજેતરમાં જ શરૂ કરાયું છે.

### શબ્દોની પસંદગીમાં ભૂલ થઈઃ અનુ કપૂર

# તમન્ના ભાટિયાને 'દૂધિયા બદન' કહેવા પાછળ શું હતી અનુ કપૂરની અસલી મનશા?

**જો મેં 'દૂધિયા બદન' ને બદલે 'મિલ્કી બોડી' કહ્યું હોત, તો કદાચ કોઈ મુસીબત ન આવી હોત.": અનુ કપૂર**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અનુ કપૂર હાલમાં પોતાના એક નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. થોડા સમય પહેલા તેમણે અભિનેત્રી તમન્ના ભાટિયા માટે 'દૂધિયા બદન' જેવા શબ્દનો ઉપયોગ કર્યો હતો. એવામાં અનુ કપૂરે પોતાની અસલી મનશા જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. તમન્ના ભાટિયાને 'દૂધિયા બદન' કહેવા પાછળ શું હતી અનુ કપૂરની અસલી મનશા ? ખુલ્લેઆમ કરી નાખી 'મનની વાત' બોલિવૂડ અભિનેતા અનુ કપૂરે થોડા મહિના પહેલા એક પોડકાસ્ટ દરમિયાન તમન્ના ભાટિયા માટે 'દૂધિયા બદન' (દૂધ જેવું શરીર) જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે ઘણો વિવાદ થયો હતો. આ નિવેદન બાદ તેમને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવ્યા હતા અને લોકોએ તેમને 'ઠરકી બુઢ્ઢા' જેવા નામથી બોલાવવાનું શરૂ કર્યું હતું. જો કે, હવે તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અનુ કપૂરે આ અંગે ખુલીને વાત કરી છે.

અનુ કપૂરે સ્વીકાર્યું કે, તેમની મનશા ખોટી નહોતી પરંતુ ખોટા શબ્દોનો ઉપયોગ કરીને તેમણે ભૂલ કરી છે. તેમના મતે, "જો આ જ વાત અંગ્રેજીમાં બોલવામાં આવે તો કોઈને વાંધો નથી આવતો પરંતુ હિન્દીમાં બોલતા જ સમસ્યા ઊભી થાય છે. જો મેં 'દૂધિયા બદન' ને બદલે 'મિલ્કી બોડી' કહ્યું હોત, તો કદાચ કોઈ મુસીબત ન આવી હોત."

# રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ, સરેરાશ ૫૭.૦૮% જેટલું મતદાન નોંધાયું

## મેદાનમાં ઉતરેલા ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમમાં કેદ થયું





(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૨૬**

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી અગાઉ સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું આજે(૨૬ એપ્રિલ) સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે, જેમાં રાજ્યભરના મતદારોએ મધ્યમ પ્રતિસાદ આપ્યો છે. સવારે ૯ વાગ્યા સુધી મતદાનની ગતિ ધીમી રહી હતી, પરંતુ સાંજ પડતા સુધીમાં સરેરાશ ૫૭.૦૮% જેટલું મતદાન નોંધાયું છે. ગરમીના પ્રકોપને કારણે બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન મતદાન મથકો પર પાંખી હાજરી જોવા મળી હતી, પરંતુ ત્યારબાદ અંતિમ કલાકોમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકાઓમાં ૪૯% અને નગરપાલિકાઓમાં ૫૯% મતદાન થયું છે, જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ગ્રામીણ મતદારોના જોરને કારણે સૌથી વધુ ૬૧% જેટલું મતદાન નોંધાયું છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી આયોગના નિર્દેશો અનુસાર મતદાન પૂર્ણ થયા બાદ પ્રિસાઈડિંગ ઓફિસર અને સ્ટાફ દ્વારા ઈવીએમ મશીનોને સીલ કરી જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

આ સમગ્ર કામગીરી પોલીસ તથા અન્ય સુરક્ષા દળોની કડક હાજરી અને દેખરેખ હેઠળ પાર પાડવામાં આવી હતી. ત્યારબાદ સીલ કરાયેલા ઈવીએમ મશીનોને નિર્ધારિત સ્ટ્રોંગ રૂમ તથા કલેકશન સેન્ટરો ખાતે સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. દરેક મતદાન મથક પરથી મશીનોને સુનિશ્ચિત માર્ગદર્શિકા મુજબ જ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન જિલ્લાભરમાં કડક બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ રહ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ સામે આવ્યો નહોતો. મતદાનથી લઈને ઈવીએમ સીલિંગ અને પરિવહનની સમગ્ર પ્રક્રિયા સુચારુ અને સફળ રીતે પૂર્ણ થઈ હતી.

રાજ્યની અંદાજે ૧૦ હજાર બેઠકો માટે મેદાનમાં ઉતરેલા ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમ મશીનોમાં કેદ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર પ્રક્રિયા કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર પાર પાડવામાં આવી છે. હવે સૌની નજર ૨૮ એપ્રિલ પર ટકેલી છે, જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવશે અને ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો જાહેર થશે. સ્થાનિક પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓ પર થયેલા આ જંગમાં જનતાએ કોના પર મહોર મારી છે, તે જોવું રસપ્રદ રહેશે.

- ૧૫ મહાનગરપાલિકાઓમાં ૪૯% મતદાન
- ૮૪ નગરપાલિકાઓમાં ૫૯% મતદાન
- ૩૪ જિલ્લા પંચાયતોમાં ૬૧% મતદાન
- ૨૬૦ તાલુકા પંચાયતોમાં સૌથી વધુ ૬૧% જેટલું મતદાન

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં મધ્યમ મતદાન જોવા મળ્યું છે, જેમાં રાજ્યનું સરેરાશ મતદાન ૫૭% નોંધાયું છે. સવારે ૯ વાગ્યે જે મતદાન માત્ર ૪% થી ૭% ની આસપાસ હતું, તે બપોરે ૧ વાગ્યા સુધીમાં ૨૦% થી ૩૦% પર પહોંચ્યું અને અંતિમ કલાકોમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવતા આંકડો ૫૭% ને પાર કરી ગયો છે. હવે તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થયા છે. જણાવી દઈએ કે, ભારે ગરમીના કારણે બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધીમાં મતદાન ઓછું થયું છે.

# મતદાન કેન્દ્રમાં મોબાઈલ પ્રતિબંધથી લોકોમાં રોષ સાથે ક્યાંક અમલ વિવાદી બન્યો

## ચૂંટણી પંચે અગાઉથી જાહેર સૂચના કે વિજ્ઞાપનથી મતદારોને વાકેફ કરવા જરૂરી કેમના લાગ્યું?

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૬**

વાપી સહિત વલસાડ જિલ્લામાં આજે રવિવારે સ્થાનિક સ્વરાજ અને મનપા પાલિકાની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. પરંતુ વર્તમાન ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ મતદાન કેન્દ્રમાં મોબાઈલ સાથે લઈ જવા ઉપર પ્રતિબંધ રખાયો હતો. તેથી મતદારોમાં રોષ અને કેટલાક સ્થળે વિવાદ પણ ઉભા થયા હતા જાહેર સલામતિ સુરક્ષા માટે આ નિર્ણય જરૂરી છે પણ અમલવારીની રીત ખોટી સાબિત થઈ હતી એટલા માટે કે મતદારોને અગાઉથી જાણ કરાઈ નહોતી.

મતદારો મતદાન મથકમાં દાખલ થાય તે પહેલા મોબાઈલ બહારના કેન્દ્રમાં રાખીને જવાની વ્યવસ્થા હતી તેથી સામે ચિઠ્ઠી અપાતી હતી. મતદાન બાદ પરત ફરતા મોબાઈલ પરત અપાતો હતો. પરંતુ કિંમતી મોબાઈલ ખોવાય અગર ગેરવલ્લે જાય તો જવાબદારી કોની? તેથી કેટલીક જગ્યાએ આ નિર્ણય વિવાદી બન્યો હતો. મતદારો જણાવી રહ્યા હતા કે મોબાઈલ પ્રતિબંધ છે તેવું અગાઉથી જાહેર કરવું જરૂરી હતી. ઘરેથી મોબાઈલ લઈને આવત નહીં. ચૂંટણીપંચે કોઈપણ વિજ્ઞાપન કે જાહેરાત વગર જ પ્રતિબંધ કરી દેતા નિર્ણય મતદારો માટે મુંઝવણભર્યો બન્યો હતો.

### અમરેલીના મોટા આંકડિયામાં ચૂંટણીને લઈ ઉત્સાહ

# લગ્નપ્રસંગ જેમ ઢોલ-શરણાઈ સાથે મત આપવા નીકળ્યા ગ્રામજનો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી, તા.૨૬**

હાલ લોકશાહીના મહાપર્વ નિમિત્તે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજે ૨૬મી એપ્રિલે આખા ગુજરાતમાં મતદાનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અમરેલી જિલ્લાના મોટા આંકડિયા ગામે એક અત્યંત પ્રેરણાદાયક અને અનોખો નજારો રજૂ કર્યો છે. સામાન્ય રીતે ચૂંટણી એટલે વ્યૂહરચના અને રાજકીય ગરમાવો માનવામાં આવે છે, પરંતુ મોટા આંકડિયાના ગ્રામજનોએ તેને ખરા અર્થમાં લોકશાહીના પર્વની અનોખી ઉજવણી તરીકે સ્થાપિત કરી છે. ગામમાં વહેલી સવારથી જ વાતાવરણ કોઈ લગ્નપ્રસંગ કે મોટા મહોત્સવ જેવું જ સર્જાયું હતું.

આ અનોખી ઉજવણીની વિશેષતા એ હતી કે મતદારો માત્ર મતદાન મથક સુધી ચાલીને જવાને બદલે ઢોલ અને શરણાઈના તાલે મધુર સૂરો વચ્ચે મતદાન કરવા નીકળ્યા હતા. ઢોલના ધબકારે ગ્રામજનોમાં એક નવો જ જોશ ભરી દીધો હતો અને દરેકના મુખ પર લોકશાહીના આ પર્વ માટેનો ગર્વ જોવા મળતો હતો. શરણાઈના મંગલ સૂર વચ્ચે જ્યારે ગ્રામજનો સમૂહમાં મતદાન કરવા નીકળ્યા હતા, ત્યારે રસ્તામાં ઊભેલા અન્ય લોકો પણ આ અનેરા ઉત્સાહમાં જોડાયા વગર રહી શક્યા નહોતા.

આ પવિત્ર અવસરમાં સ્થાનિક નેતૃત્વએ પણ સક્રિય અને પ્રેરણાદાયી ભૂમિકા ભજવી હતી. ભાજપના અગ્રણી નેતા શૈલેષ પરમાર પણ આ લોકશાહીના ઉત્સવમાં સહભાગી થયા હતા. ખાસ વાત એ હતી કે તેઓ માત્ર એકલા નહીં, પરંતુ પોતાના સમગ્ર પરિવાર સાથે મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા.

ભાજપના નેતા શૈલેષ પરમારે ગ્રામજનોની સાથે ખભેખભા મિલાવીને લોકશાહીની મજબૂતી માટે પોતાનો મતાધિકાર ઉપયોગ કર્યો હતો. તેમની ઉપસ્થિતિ અને ગ્રામજનો સાથેની તેમની આત્મીયતાએ આ પ્રસંગને વધુ ભવ્ય બનાવ્યો હતો.

મોટા આંકડિયા ગામમાં જોવા મળેલો આ ઉત્સાહ એ વાતની સાક્ષી પૂરે છે કે ગ્રામીણ જનતા પોતાની મતાધિકારની શક્તિને અને તેની ગરિમાને ખૂબ જ સારી રીતે સમજે છે. યુવાનોમાં પ્રથમ વખત મતદાન કરવાનો થનગનાટ હતો, તો વડીલો પણ આ પર્વમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગામના ચોરે અને શેરીઓમાં માત્ર મતદાનની જ ચર્ચાઓ સંભળાતી હતી.

અમરેલી જિલ્લાનું આ ગામ આજે સમગ્ર પંથકમાં પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે. લોકશાહીના આ પર્વને જે રીતે હર્ષોલ્લાસ અને સંગીતના સૂરો સાથે ઉજવવામાં આવ્યો, તેનાથી સ્પષ્ટ થાય છે કે અહીંના લોકો માટે મતદાન એ માત્ર એક રાજકીય ફરજ નથી, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેનો એક ઉત્સવ છે. ઢોલ-શરણાઈના અવાજ અને મતદારોના હસતા ચહેરાઓએ મોટા આંકડિયાના આ દિવસને ઐતિહાસિક બનાવી દીધો છે. આ પ્રકારની જાગૃતિ લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવશે તેમાં કોઈ શંકા નથી.

# ઈરાને અમેરિકા સામે મૂકી આકરી શરત: પહેલા હોર્મુઝ પર નાકાબંધી હટાવો પછી જ કરીશું વાત





## ઈરાને શરત રાખતા કહ્યું છે કે જ્યાં સુધી ઈરાની બંદરો પર નાકાબંધી ચાલુ રહેશે, ત્યાં સુધી વાતચીત થશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૨૬**

અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની શાંતિ વાતચીત શરૂ થાય તે પહેલા જ નિષ્ફળ થતી જણાય છે. એક તરફ જ્યાં અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૮ કલાકની લાંબી ઉડાન ન ભરવાની વાત કહીને US ડેલિગેશનનો પાકિસ્તાન પ્રવાસ રદ કરી દીધો, તો બીજી તરફ ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સીનિયર પાકિસ્તાની સૈન્ય અને સરકારી અધિકારીઓ સાથે મુલાકાત કર્યા બાદ ઈસ્લામાબાદની યાત્રા પૂર્ણ કરી પરત ફર્યા. આ દરમિયાન ઈરાની રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેજેશ્કિયાને શરત રાખતા કહ્યું છે કે જ્યાં સુધી ઈરાની બંદરો પર નાકાબંધી ચાલુ રહેશે, ત્યાં સુધી કોઈ વાતચીત થશે નહીં. હોર્મુઝને લઈને અમેરિકા અને ઈરાનના વલણથી વાત બનતી જણાતી નથી. આ તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો યથાવત છે અને તે ૧૦૫ ડોલર પ્રતિ બેરલને પાર ટ્રેડ કરી રહ્યું છે. વળી, શાંતિ વાતચીત પણ સતત નિષ્ફળ જઈ રહી છે.

ઈરાને આર્થિક અને લોજિસ્ટિક સંબંધિત પ્રતિબંધો લાગુ રહે ત્યાં સુધી અમેરિકા સાથે નવી વાતચીતનો ઈનકાર કર્યો છે. બિઝનેસ ટુડે પર પ્રકાશિત રિપોર્ટમાં જણાવાયું છે કે રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેજેશ્કિયાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જ્યાં સુધી ઈરાની પોર્ટ્સ પર અમેરિકન નાકાબંધી હટશે નહીં, ત્યાં સુધી તેહરાન વાતચીતના ટેબલ પર પાછું ફરશે નહીં.

ઈરાની મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે ફોન પર થયેલી વાતચીત દરમિયાન પેજેશ્કિયાને આ વાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે અમેરિકા સાથે વાતચીતનો કોઈ પણ નવો તબક્કો શરૂ કરતા પહેલા તેણે નાકાબંધી સહિતના ઓપરેશનલ પ્રતિબંધો દૂર કરવા જોઈએ.

રિપોર્ટ મુજબ ઈરાની નેતૃત્વ વચ્ચે આંતરિક ડખો અંગેના ટ્રમ્પના હાલના દાવા અને એક ગુપ્ત પત્રએ તેહરાનમાં તણાવ વધારવાનું કામ કર્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે ઈરાનની લીડરશિપમાં જબરદસ્ત આંતરિક ડખો અને મૂંઝવણની સ્થિતિ છે. આ માટે કોણ જવાબદાર છે, તે તેમને ખુદને ખબર નથી. મોજતબા ખામેનેઈને સંબોધિત એક પત્રમાં ઈરાનની આર્થિક સ્થિતિને ગંભીર અને અસહ્ય ગણાવવામાં આવી છે. જેમાં જવાબદારોને પરમાણુ મુદ્દે અમેરિકા સાથે વાતચીત પર ગંભીરતાથી વિચાર કરવા વિનંતી કરવામાં આવી છે. આ સંકેત આપે છે કે વરિષ્ઠ અધિકારીઓ ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા અમેરિકા અને ઈઝરાયલ સાથેના સંઘર્ષ બાદ વધતા આર્થિક દબાણ વચ્ચે દેશની દિશાને લઈને ચિંતિત છે.

એવું પણ કહેવામાં આવે છે કે આ પત્ર પર મોહમ્મદ બાઘર ગાલિબાફ, પેજેશ્કિયન, અરાઘચી અને મુસ્તફા પોરમોહમ્મદી સહિત અનેક ટોચની હસ્તીઓએ હસ્તાક્ષર કર્યા છે. આ પત્રને સંપૂર્ણપણે ગુપ્ત રાખવાનો પ્રયાસ હતો, પરંતુ કથિત રીતે તે બહાર પ્રસારિત થઈ ગયો.

### મીણબત્તીના સહારે મતદાન

# ભરૂચમાં વોર્ડ નંબર- ૨ના મતદાન કેન્દ્ર પર વીજ પુરવઠો ખોરવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ, તા.૨૬**

ભરૂચ શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન અનોખી સ્થિતિ સર્જાઈ હતી. મળતી જાણકારી અનુસાર, ભરૂચમાં વોર્ડ નંબર ૨ના મતદાન કેન્દ્ર પર અચાનક વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઈકરા સ્કૂલ ખાતે આવેલા આ મતદાન મથકે વીજળી ગુલ થતાં તાત્કાલિક મીણબત્તીનો સહારો લેવામાં આવ્યો હતો. મીણબત્તીના સહારે પણ મતદાન પ્રક્રિયા કરવામાં આવી રહી હતી. મતદારો ઉત્સાહ સાથે પોતાનો મત આપવા આગળ આવ્યા હતા. આ પરિસ્થિતિ છતાં મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાઈ રહ્યું છે. લોકોએ જવાબદારીપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

બોટાદમાં લગ્ન પહેલા દુલ્હન મતદાન કરવા પહોંચી હતી. બોટાદ પાલિકાની ચૂંટણીને લઈને મતદાન ચાલી રહ્યું છે ત્યારે સરકારી હાઈસ્કૂલના બુથ પર લાંબી લાઈન લાગી હતી. પોતાના લગ્ન પહેલા ભૂમિ પંચાલે મતદાન કર્યું હતું. અરવલ્લીના મેઘરજમાં વર-કન્યાએ મતદાન કર્યું હતું. લગ્ન પહેલા વર અને કન્યાએ મતદાન કર્યું હતું. લગ્ન પહેલા નવદંપતીએ મતાધિકારીનો ઉપયોગ કર્યો હતો. આણંદના કરમસદમાં EVM ખોટકાયું હતું. કરમસદના મતદાન કેન્દ્રમાં અંદાજે ૭ મિનિટ સુધી EVM બંધ રહ્યું હતુ. તાત્કાલિક અન્ય EVM મંગાવી મતદાન શરૂ કરાયું હતું.

### હાર્ડ કોપી વગર અનેક લોકો મતદાનથી વંચિત રહ્યા

# ડિજિટલ વોટર કાર્ડને લઈને મતદાન મથકો પર ભારે વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૨૬**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે આજે કાળઝાળ ગરમી વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શહેરીજનો ઉત્સાહપૂર્વક મતદાન મથકો પર પહોંચ્યા હતા, પરંતુ કેટલાક કેન્દ્રો પર ચૂંટણી કાર્ડની સોફ્ટ કોપી (ડિજિટલ કાર્ડ) ને લઈને વિવાદ સર્જાયો હતો. પોલીસ અને ચૂંટણી અધિકારીઓએ મોબાઈલમાં દર્શાવેલા ડિજિટલ કાર્ડને અમાન્ય રાખતા અનેક મતદારોએ રોષ સાથે ઘરે પરત ફરવું પડ્યું હતું.

શહેરના અનેક મતદાન મથકો પર એવા કિસ્સાઓ બન્યા જેમાં મતદારો પાસે ઓરિજિનલ મતદાન કાર્ડ કે ચૂંટણી પંચ માન્ય અન્ય દસ્તાવેજો નહોતા, પરંતુ મોબાઈલમાં ડાઉનલોડ કરેલું ઈ-ચૂંટણી કાર્ડ હતું.

જ્યારે મતદારોએ આ ડિજિટલ કાર્ડ બતાવ્યું, ત્યારે ફરજ પરના પોલીસ કર્મચારીઓએ નિયમ મુજબ હાર્ડ કોપી (ફિઝિકલ દસ્તાવેજ) ફરજિયાત હોવાનું જણાવી પ્રવેશ નકાર્યો હતો. કામ-ધંધો છોડીને આવેલા મધ્યમ વર્ગના મતદારોએ સવાલ ઉઠાવ્યો હતો કે, "જો દેશ ડિજિટલ બની રહ્યો છે, તો સરકાર દ્વારા જ ઈશ્યુ કરાયેલા ડિજિટલ ડોક્યુમેન્ટ્સ કેમ સ્વીકારાતા નથી?"

ચૂંટણી પંચના નિયમો મુજબ, મતદાન મથકની અંદર મોબાઈલ ફોન લઈ જવાની મનાઈ હોય છે. મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ફોટો ઓળખપત્ર હોવું અનિવાર્ય છે. ડિજિટલ કોપીને માન્ય ન ગણવા પાછળના કેટલાક કારણો હોઈ શકે છે. જેમ કે મતદાન મથકની અંદર ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પર પ્રતિબંધ હોવાથી મોબાઈલ લાવી શકાતો નથી. ચૂંટણી એજન્ટો અને પ્રિસાઈડિંગ ઓફિસર પાસે ડિજિટલ કોપીને સ્કેન કે વેરીફાય કરવાની તત્કાલ સુવિધા હોતી નથી. ચૂંટણી પંચે જે ૧૨ વૈકલ્પિક દસ્તાવેજો જાહેર કર્યા છે, તેમાં હાર્ડ કોપીનો જ ઉલ્લેખ છે.

એક તરફ સરકાર પેપરલેસ સિસ્ટમને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે લોકશાહીના સૌથી મોટા પર્વમાં જ ડિજિટલ કાર્ડ અમાન્ય રહેતા કેટલાક મતદારોએ આ મુદ્દે તંત્રની વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યા હતા.

# ગુજરાત ટાઈટન્સની ધમાકેદાર જીત, ચેન્નાઈને ૮ વિકેટથી હરાવ્યું



સાઈ સુદર્શનના શાનદાર ૮૭ રન

**ચેન્નાઈ સુપર કિંગ્સે ૧૫૮ રન બનાવ્યા હતા, જેના જવાબમાં ગુજરાતે ૧૭મી ઓવરમાં ૧૬૨ રન બનાવી મેચ જીતી લીધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬**

આઈપીએલ ૨૦૨૬ની ૩૭મી મેચ આજે(૨૬ એપ્રિલ) ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૮ વિકેટથી હરાવી દીધું છે. ટોસ જીતીને ગુજરાતની ટીમે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ધોની આ મેચમાં પણ રમી રહ્યો નથી. પહેલા બેટિંગ કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટના નુકસાન પર ૧૫૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાતે ૧૭મી ઓવરમાં ૧૬૨ રન બનાવીને ૮ વિકેટથી મેચ જીતી લીધી. ગુજરાત માટે સાઈ સુદર્શને ૪૬ બોલમાં ૮૭ રનોની મેચ વિનિંગ ઈનિંગ રમી. ત્યારે, કેપ્ટન શુભમન ગિલે ૨૩ બોલમાં ૩૩ અને જોસ બટલરે ૩૦ બોલમાં અણનમ ૩૯ રન બનાવ્યા. આ અગાઉ બોલિંગમાં કગિસો રબાડાએ ૪ ઓવરમાં ૨૫ રન આપીને ત્રણ વિકેટ ઝડપી.

ચેન્નાઈ સુપર કિંગ્સે ખરાબ શરૂઆત કરી હતી. જોકે, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના ૭૪ રનની મદદથી સ્કોર ૧૫૮ સુધી પહોંચાડ્યો હતો. જોકે, ગાયકવાડના નામે એક શરમજનક રેકોર્ડ જોડાઈ ગયો છે. ગાયકવાડના નામે અત્યાર સુધીમાં IPLમાં સૌથી ધીમી ફિફ્ટી ફટકારવાનો રેકોર્ડ નોંધાયો છે. તેમણે ગુજરાત ટાઈટન્સ વિરૂદ્ધ ૪૯ બોલમાં ૫૦ રન પૂરા કર્યા. એક સમયે ચેન્નાઈએ સારૂ શરૂઆત તરફ આગળ વધી રહી હતી અને તેમણે વિકેટ ગુમાવ્યા વગર ૨૧ રન બનાવી લીધા હતા. પરંતુ કગિસો રબાડા અને મોહમ્મદ સિરાજની દમદાર બોલિંગના કારણે આગામી ૭ બોલમાં સંજૂ સેમસન, ઉર્વિલ પટેલ અને સરફરાજ ખાન પણ આઉટ થઈ ગયા. ડેવાલ્ડ બ્રેવિસ પણ સસ્તામાં આઉટ થઈ ગયો અને જોતજોતામાં ચેન્નાઈએ ૩૭ના સ્કોર સુધી પહોંચતા પહોંચતા ૪ વિકેટ ગુમાવી દીધી હતી. એક સમયે ૧૧ ઓવરમાં ચેન્નાઈનો સ્કોર માત્ર ૪૫ રન હતો, પરંતુ અંતમાં ટીમો શાનદાર વાપસી કરી હતી. જોકે, ચેન્નાઈ જીત મેળવી ના શકી.

# લગ્નના જોડામાં વોટ આપવા પહોંચેલા વરરાજા નિરાશ, યાદીમાંથી નામ ગાયબ હોવાથી પરત ફરવું પડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૨૬**

લોકશાહીના પર્વમાં આજે અનેક પ્રેરણાદાયી કિસ્સાઓ સામે આવી રહ્યા છે, ત્યારે વડોદરાના ફતેગંજ વિસ્તારમાં એક હૃદયસ્પર્શી પણ નિરાશાજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લગ્નના પવિત્ર બંધનમાં બંધાયા બાદ તરત જ દેશ પ્રત્યેની ફરજ નિભાવવા નીકળેલા એક વરરાજાએ મતદાર યાદીની ક્ષતિને કારણે નિરાશ થઈ પરત ફરવું પડ્યું છે.

ફતેગંજ વિસ્તારમાં રહેતા પાર્થ આનંદરાવ હરાલના આજે નિશાલી બહાદુર્ગે સાથે લગ્ન હતા. મંગળફેરા અને લગ્નની તમામ ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા બાદ, નવા જીવનની શરૂઆત કરતા પહેલા આ નવદંપતીએ મતદાન કરવાનો સંકલ્પ કર્યો હતો. લગ્નનો ભવ્ય પોશાક અને શણગાર સજેલી હાલતમાં જ પાર્થ અને નિશાલી ફતેગંજની નવયુગ વિદ્યાલય ખાતેના મતદાન મથકે પહોંચ્યા હતા.

નવદંપતીને મતદાન મથકે જોઈને ત્યાં હાજર અન્ય મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ, જ્યારે પાર્થભાઈ મતદાન કરવા અંદર ગયા ત્યારે અધિકારીઓએ તપાસ કરતા જાણવા મળ્યું કે મતદાર યાદીમાં તેમનું નામ નોંધાયેલું જ નથી. લાંબા સમય સુધી શોધખોળ અને પ્રયત્નો છતાં નામ ન મળતા, જાગૃત વરરાજાએ મતાધિકારનો ઉપયોગ કર્યા વગર જ ભારે હૈયે પરત ફરવું પડ્યું હતું.

મતદાન ન કરી શક્યાની નિરાશા છતાં પાર્થ હરાલે પોતાની ખેલદિલી બતાવી હતી. તેમણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "હું એક જાગૃત નાગરિક તરીકે મારી ફરજ નિભાવવા આવ્યો હતો, પરંતુ લિસ્ટમાં નામ ન હોવાથી વોટ આપી શક્યો નથી તેનું ખૂબ દુઃખ છે. છતાં, હું તમામ નાગરિકોને વિનંતી કરું છું કે તમે આવી ભૂલ ન કરતા અને તમારો અમૂલ્ય વોટ ચોક્કસ આપજો."

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ગુજરાતભરમાં વાપી મનપાનો મતદાનમાં ડંકો: ૬૭ ટકા સર્વોચ્ચ શાંતિપૂર્ણ મતદાન નોંધાયું

## વાપી મહાનગરપાલિકાની ૫૧ બેઠકોના ૧૨૦ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ :૨૮ એપ્રિલે પરિણામ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

રવિવારનો દિવસ વલસાડ જિલ્લામાં ચૂંટણી પર્વનો દિવસ હતો. જિલ્લા પંચાયત તથા ૬ તાલુકા પંચાયત સહિત ઉમરગામ પાલિકા અને વાપી મહાનગરપાલિકાનું આજે ચૂટણી મતદાન યોજાયું હતું. વાપી મહાનગરપાલિકાનો ગુજરાતભરમાં ડંકો વાગ્યો છે. તમમ ૧૩ મનપાના મતદાનમાં વાપી મનપાનું ૬૭ ટકા સાથે સર્વોચ્ચ મતદાન નોંધાયું છે. ગરમીની સિઝન, વેકેશન જેવા પરિબળો વચ્ચે વાપીના મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યુ છે. મનપાની ૫૧ બેઠકો માટે ૧૨૦ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે. મતદારોનો ચૂકાદો તા.૨૮મી એપ્રિલે મત ગણતરીના દિવસે આવી જશે.

વલસાડ જિલ્લામાં જી.પં.૬, તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મતદાન આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. જિલ્લા પંચાયતનું ૬૩.૦૮ ટકા મતદાન ૫ વાગ્યા સુધી નોંધાયું છે. બીજી તરફ ૬ તાલુકા પંચાયતના નોંધાયેલ મતદાન મુજબ વલસાડ તાલુકા પંચાયત ૬૧.૫૯ ટકા, ધરમપુર તાલુકા પંચાયત-૮૬.૦૪ ટકા, ઉમરગામ તાલુકા પંચાયત ૬૪.૫૦ ટકા તથા ઉમરગામ પાલિકા ૭૦.૧૦ ટકા રહ્યું છે. તાલુકા પંચાયતોમાં ૮૬ ટકા મતદાન સાથે ૬ તાલુકા પંચાયતમાં સર્વોચ્ચ મતદાન નોંધાયું છે. એકંદરે સમગ્ર જિલ્લામાં ચૂસ્ત બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી. વાપી મનપા વોર્ડ નં.૧૦માં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ અપવાદ બાદ કરતા વાપીમાં શાંતિપૂર્ણ સંપન્ન થઈ હતી. તમામ પરિણામ સાથે ૫:૦૦ વાગ્યા સુધીના છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભવ્ય વર્માની દેખરેખ હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન પ્રક્રિયા સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે તમામ પૂર્વતૈયારીઓ કરવામાં આવી હતી. મતદાન મથકો પર વરિષ્ઠ નાગરિકો, યુવા અને મહિલાઓ, પુરુષોમાં ઉત્સાહ જોવા મળી હતો. વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો અને વૃદ્ધો માટે વ્હીલચેર તેમજ અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે સમગ્ર જિલ્લામાં પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ યોગ્ય સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સંવેદનશીલ મતદાન મથકો સહિત મતદાન મથકો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરાયો હતો.

## વલસાડ જિલ્લામાં લોકશાહી પર્વની નિષ્ઠાપૂર્વકની ઉજવણી

# કન્યાઓ, વરરાજાઓ, લગ્ન જોડામાં મતદાન કરવા પહોંચ્યા, દિવ્યાંગ અને વૃદ્ધોએ પણ મતદાન કરી ફરજ અદા કરી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

વલસાડ જિલ્લામા આજે રવિવારે સ્થાનિક સ્વરાજ્ય, પાલિકા અને વાપી મનપાની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાયું હતું. મતદારો ઉમેળકાભેર મતદાન મથકમાં મત આપવા દિવસભર ઉમટેલા જોવા મળી રહ્યા હતા. મતદાનના દિવસે આજે કેટલાક વિસ્તારોમાં કેટલાક મતદાન કરવાની અદમ્ય ઈચ્છાના પ્રેરક ઉદાહરણ પણ જોવા મળ્યા હતા. આજે લગ્ન વધારે હતા તેથી કેટલાક વરરાજા અને કન્યાઓ નવવધુ અને વરરાજાના સ્વરૂપે મતદાન મથકે પહોંચી મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી, તો બીજી તરફ વૃદ્ધો, અપંગ, દિવ્યાંગ પણ મતદાન કરવા પહોંચેલા જોઈને અન્ય મતદારોને બોધપાઠ પણ આપ્યો હતો. તો કેટલાક મત આપવાની આળસમાં મત આપવા જતા પણ નથી.

પહેલા મતદાન પછી કન્યાદાન મંગળફેરા ફરતા પહેલા પારનેરાના એક વરરાજાએ મતદાન કરીને મતદાનનું કર્તવ્ય નિભાવ્યું હતું. તો કલવાડાની દિકરી ખુશી સતિષભાઈ આહિર લગ્ન પહેલા મતદાન કર્યુ હતું. મેહગામ માછીવાડ પ્રાથમિક શાળા પાસે રહેતી દિતીયા મહેશભાઈ ટંડેલ લગ્ન વિધી પુર્ણ કરીને આ દિકરી મત આપવા મતદાન કેન્દ્રમાં પહોંચી હતી. જિલ્લાના મતદારોએ નિષ્ઠાપૂર્વક અદમ્ય ઈચ્છા સાથે ચૂંટણી પર્વની આજે ઉજવણી કર્યાના અનેક દશ્યો વિવિધ મતદાન કેન્દ્રમાં જોવા મળ્યા હતા.

## ઉમરગામ તાલુકા પંચાયત ચૂંટણીઃ ૮-કચીગામ બેઠક પર

# બોરીગામ ખાતે પીઠી લગાવી વરરાજાએ મતદાન કરી લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૬

આજરોજ ઉમરગામ તાલુકા પંચાયત ચૂંટણી અંતર્ગત ૮-કચીગામ તાલુકા પંચાયત સીટ હેઠળ બોરીગામ ખાતે લોકશાહી પ્રત્યે જાગૃતિ અને જવાબદારીનું પ્રેરણાદાયી દશ્ય જોવા મળ્યું હતું. લાખાજી ફળિયા નિવાસી શ્રી વિરલ શૈલેષભાઈ પટેલે પોતાના શુભ લગ્ન પ્રસંગ દરમિયાન પીઠી સહિતના વિવિધ શુભ કાર્યોમાંથી સમય કાઢી સમગ્ર પરિવાર સાથે મતદાન મથક પર જઈને મતદાન કર્યું હતું. આ પગલાએ લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમજ ગામની જ દીકરી અને અભ્યાસ અર્થે બહારગામ રહેતી પ્રથા રૂપેશ નંદવાણાએ પોતાની પરીક્ષા હોવા છતાં ખાસ સમય કાઢી માત્ર મતદાન કરવા માટે બોરીગામ આવી પોતાના પ્રથમ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. યુવાપેઢી માટે આ એક અત્યંત પ્રશંસનીય અને પ્રેરણાદાયી ઘટના છે. લગ્ન પ્રસંગની સીઝન હોવા છતાં લોકોમાં લોકશાહી પ્રત્યેનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં મતદાતાઓએ આ લોકશાહી પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## દાનહ અને દમણ-દીવ તાઈક્વોન્ડો એસોસિએશન દ્વારા

# દમણ ડ્યુન્સ ક્લબ હાઉસ ખાતે તાઈક્વોન્ડો બેલ્ટ ટેસ્ટનું કરાયેલું સફળ આયોજન




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દાદરા નગર હવેલી અને દમણ-દીવ તાઈક્વોન્ડો એસોસિએશન દ્વારા તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ ડ્યુન્સ ક્લબ હાઉસ ખાતે કલર તાઈક્વોન્ડો બેલ્ટ ટેસ્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તાઈક્વોન્ડો એસોસિએશન ઓફ દાનહ અને દમણ-દીવના ચેરમેન યુરિકો રોઝારિયો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિ તરીકે પ્રકૃતિ કોદરાવાલા અને ટીના મહેશ અગરિયા હાજર રહ્યા હતા. જ્યારે માનનીય અતિથિ તરીકે આર્ચરી કોચ વિજેન્દ્ર નરોલિયા હાજર રહ્યા હતા. ઉપરાંત અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ યુરિકો રોઝારિયોએ તમામ ખેલાડીઓને સફળતાપૂર્વક બેલ્ટ પરીક્ષા પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય કોચ ફિલિયા થોમસ દ્વારા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી હતી તેમજ જૂનિયર કોચ પ્રસન્ના બેન્દ્રે અને પ્રિન્સેસ દ્વારા ખેલાડીઓને એડવાન્સ પૂમસે તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના અંતે સચિવ એલેક્ઝાન્ડર થોમસ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે તમામ વાલીઓનો આભાર માન્યો કે, તેઓ પોતાના બાળકોને સતત પ્રોત્સાહન આપી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, રમત-ગમત માત્ર શિસ્ત અને આત્મવિશ્વાસ જ નહીં પરંતુ જીવન માટેના અનેક મહત્વપૂર્ણ ગુણો પણ વિકસાવે છે. તેમણે તમામ મહેમાનોનો તેમના કિંમતી સમય અને ઉપસ્થિતિ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# 'નારી શક્તિ વંદન' કાયદાના સમર્થનમાં ભાજપ દ્વારા સેલવાસમાં આક્રોશ રેલી યોજાઈ: મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૬

સેલવાસમાં નારી શક્તિ વંદન અધિનિયમના સમર્થનમાં આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી સ્ટેડીયમ ગ્રાઉન્ડથી પ્રારંભ કરી કિલવણી નાકા સુધી રેલી કાઢવામા આવી હતી. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનઓ સહિત ભાજપા કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો.

રેલીમાં મહિલાઓ હાથમાં બેનર અને નારા સાથે અને વિરોધપક્ષ વિરૂદ્ધ પ્રદર્શન કર્યુ હતું. નારી શક્તિનું અપમાન નહિ સહસે હિન્દુસ્તાન જેવા નારા ગુંજ્યા હતા. કિલવણી નાકા પાસે વિપક્ષી દળો અને કોંગ્રેસ વિરુદ્ધ પૂતળા દહન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ સંબોધનમાં કહ્યુ કે નારી શક્તિ વંદન અધિનિયમ દેશની મહિલાઓના સમ્માન અધિકાર અને સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. એમણે વિપક્ષ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, આ અધિનિયમનો વિરોધ કરવો મહિલાઓના સમ્માનનું અપમાન છે. જેને દેશની મહિલાઓ ક્યારે પણ બરદાસ્ત નહિ કરશે. હવે મહિલાઓ જાગૃત થઇ ચુકી છે અને પોતાના અધિકાર માટે કોઈપણ સ્તરે સંઘર્ષ કરવા માટે તૈયાર છે.રેલીના માધ્યમથી એ સ્પષ્ટ સંદેશ આપ્યો કે નારીશક્તિ ફક્ત એક શબ્દ નહિ, પરંતુ એક મજબૂત તાકાત બની ચુકી છે. જે અન્યાય અને વિરોધ વિરુદ્ધ ખુલીને પોતાનો અવાજ ઉઠાવી રહી છે.

આ અવસરે ભાજપા પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયા, મહામંત્રી શ્રી સુનિલ પાટીલ, મહિલા મોરચા પ્રમુખ શ્રી નિશાબેન ભાવર, યુવા મોરચા પ્રમુખ શ્રી અવધેશસિંહ ચૌહાણ, પાલિકા સભ્યો, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# 'માનવ એકતા દિવસ' નિમિત્તે દમણમાં યોજાયેલ ભવ્ય રક્તદાન શિબિરમાં ૧૦૯ યુનિટ રક્ત એકત્રિત કરાયું

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬



માનવતા, કરુણા અને નિષ્કામ સેવાના પ્રતિક સમાન 'માનવ એકતા દિવસ'ની ઉજવણી સંત નિરંકારી મિશન દ્વારા દેશભરમાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. યુગપ્રવર્તક બાબા ગુરબચન સિંહજીની દિવ્ય સ્મૃતિમાં આયોજિત આ અવસરે દમણના વરકુંડ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન ખાતે ભવ્ય રક્તદાન શિબિર યોજાઈ હતી, જેમાં '૧૦૯ રક્તદાતાઓએ' માનવ સેવા કાજે રક્તદાન કર્યું હતું.

સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતાના આશીર્વાદથી આયોજિત આ શિબિરમાં દમણ રક્તદાન કેન્દ્ર દ્વારા રક્ત સંકલન કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન સ્વચ્છતા અને સતર્કતાના તમામ ધોરણોનું પાલન કરી સેવાર્થીઓએ ''માનવને માનવ જ પ્યારો, એક-બીજાનો બને સહારો'' ના સૂત્રને સાર્થક કર્યું હતું.

મિશનના સચિવ જોગિંદર સુખીજાના જણાવ્યા મુજબ સમગ્ર ભારતમાં ૨૦૦ સ્થળોએ રક્તદાન શિબિરો યોજાઈ, જેમાં અંદાજે સુરત ઝોનમાં ૧૭ જેટલા સ્થાનો પર વિશેષ સત્સંગ અને સેવા કાર્યક્રમો યોજાયા હતા. આગામી વર્ષ દરમિયાન દેશભરમાં કુલ ૭૦૫ શિબિરો યોજવાનું લક્ષ્ય છે.

બાબા હરદેવ સિંહના ક્રાંતિકારી સંદેશને અનુસરીને મિશન છેલ્લા ચાર દાયકાથી રક્તદાનની પરંપરા નિભાવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૯,૧૭૪ શિબિરો દ્વારા ૧૫ લાખથી વધુ યુનિટ રક્ત એકત્રિત કરી મિશને માનવ સેવા પ્રત્યેની પોતાની અટલ પ્રતિબદ્ધતા સાબિત કરી છે. બાબા ગુરબચન સિંહએ બતાવેલા સત્ય અને નશામુક્ત જીવનના માર્ગ પર ચાલીને લાખો યુવાનો આજે સમાજ સેવાના કાર્યોમાં પોતાની ઊર્જા લગાવી રહ્યા છે.

# જિલ્લામાં અકસ્માતના બે બનાવ : વલસાડ હાઈવે ઉપર ટ્રીપલ અકસ્માત અને ધરમપુર બારોલીયા પાસે આઈસર-ટ્રક ભટકાયા

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

વલસાડ જિલ્લામાં ૨૪ કલાકમાં બે ગંભીર અકસ્માતની ઘટના ઘટી હતી. વલસાડ હાઈવે ઉપર ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. જ્યારે ધરમપુર બારોલીયા નાસિક રોડ ઉપર કન્ટેનર અને આઈસર ભટકાતા આઈસર ચાલક ગંભીર રીતે ઘવાયો હતો. બન્ને અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નહોતી.

વલસાડ નેશનલ હાઈવે ઉપર ચંદ્રમૌલીશ્વર મહાદેવ મંદિર નજીક આગળ જતા ટેમ્પોએ કાબૂ ગુમાવતા પાછળ આવતી બે કાર એકબીજા સાથે ભટકાઈને ટેમ્પા સાથે ઠોકાઈ હતી. સર્જાયેલા આ ટ્રીપલ અકસમાતનું કારણ હાઈવે મરામતની ચાલી રહેલી કામગીરીને લઈ અકસમાત સર્જાયો હતો. આ ટ્રીપલ અકસ્માતમાં સદ્નસીબે કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ ત્રણેય વાહનોને નાનુ મોટું નુકસાન થયું હતું. બીજો અકસ્માતનો બનાવ ધરમપુર બારોલીયા નાસિક રોડ ઉપર સર્જાયો હતો. પૂર ઝડપે જઈ રહેલ આઈસર ટેમ્પો કન્ટેનર સાથે જોરદાર રીતે ભટકાતા ટેમ્પાનો ખુદડો વળી ગયો હતો. જ્યારે ટેમ્પો ચાલક કેબીનમાં બુરી રીતે ઘાયલ સ્થિતિમાં ફસાયો હતો. લોકોએ જરૂરી કેબીનના હિસ્સો કાપીને ઘાયલ ચાલકને બહાર કાઢ્યો હતો. એમ્બ્યુલન્સ સમયસર સારવાર માટે રવાના કરવામાં આવતા ચાલકના જીવ બચ્યો હતો. ૧૦૮ અને સ્થાનિક લોકોની માનવતા ભરી કામગીરી અકસ્માતમાં જોવા મળી હતી.

**બારોલીયા અકસ્માતમાં આઈસર ચાલક કેબીનમાં ફસાઈ ગયો હતોઃ લોકોએ કેબીન કાપી બહાર કાઢી ચાલકનો જીવ બચાવ્યો**